સુવિચાર
સલાહ આપવી સૌ કોઈને ગમે છે. પણ સહકાર આપવો કોઈને ગમતો નથી.
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૨/૧૧/૨૦૨૩, બુધવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૭૯ કારતક સુદ-૧૦ વર્ષ : ૧૫ અંક : ૨૮૧

## આગામી ૧૦ મહિનામાં પાઈપલાઈનની કામગીરી પૂર્ણ કરી દેવાશે

# ભૈ વાહ : શેલદેદુમલ અને સુરજવડી માટે સૌની યોજનાનો પ્રારંભ

ધારાસભ્ય મહેશ કસવાલાએ રૂપિયા ૯૦ કરોડ જેવી અધધ રકમ મંજૂર કરાવીને પાઈપલાઈનની કામગીરીનો શુભારંભ કરાવ્યો

સૌની યોજના અને સિંચાઈ વિભાગનાં અધિકારીઓની સંગાથે ધારાસભ્યએ સ્થળ નિરીક્ષણ કર્યુ

હાથસણી અને ધારગણીની સીમ સુધીમાં ફેલાયેલ વાડી–ખેતરોમાં પાણી પહોંચશે

ચૂંટણીનાં પ્રચાર દરમિયાન આપેલ વચનનું એક પછી એકનું પાલન ધારાસભ્ય કરાવતા જોવા મળે છે



સાવરકુંડલા, તા. ૨૧

સાવરકુંડલા તાલુકાનાં ખેડૂતોને સૌની યોજનાનું પાણી મળી રહે તેવા નવા વર્ષના આરંભે જ ધારાસભ્ય મહેશ કસવાલાએ સૌની યોજનાના અધિકારીઓને સંગાથે રાખીને શેલ દેદુમલ અને સુરજવડી જેવા બન્ને ડેમોને પાઈપ લાઈન કામગીરી શરૂ કરવાનો શુભારંભ આજથી શરૂ કરવામાં આવ્યો હતો. સાવરકુંડલા–લીલીયા વિધાનસભા બેઠકની ચૂંટણી લડવા આવેલા ભાજપના ઉમેદવારે ચૂંટણી ટાઈમે જાહેર પ્રચારોમાં ખેડૂતોના હિત અને ખેડૂતો પ્રત્યે સંવેદનશીલ કામગીરીઓ કરીને જનતાના ચૂંટાયેલ પ્રતિનિધિ કેવા હોય તેવી એક તક મતદાતાઓ આપે તો સાર્થક કરવાની જવાબદારી મારી રહેશે તેવો કોલ ચૂંટાઈ ગયા બાદ ધારાસભ્ય બનીને સાર્થક સાબિત કરવા રાજય સરકારમાં રજૂઆતો અને રૂબરૂ મુખ્યમંત્રી સહિતના મંત્રીઓ સાથે પરામર્શ કરીને સાવરકુંડલા તાલુકાના સૌથી મોટા બે ડેમો જો સૌની યોજનાનાં પાણીથી ભરવામાં આવે તો ખેડૂતોને ૩૬૫ દિવસ ખેતી કરવાના ઉજળા સંજોગો સાર્થક સાબિત થાય અને ખેડૂતો સધ્ધર થાય તેવા પ્રયત્નોને સફળતા મળી હોય તેમ આજે સૌની યોજનાના ભાવનગરથી આવેલા સૌની યોજના વિભાગના અધિકારીઓ અને

અનુસંધાન પાના ૬ ઉપર

### સાવરકુંડલા નજીક આવેલ

## બાઢડા ગામે ભાગવી રાખેલ વાડીમાં પાણી વાળતાં પ્રૌઢનું ઈલેક્ટ્રીક શોક લાગતા મોત

### ઈલેક્ટ્રીક વાયર પાણીનાં ધોરીયામાં પડતા બન્યો બનાવ

અમરેલી, તા. ૨૧

સાવરકુંડલા તાલુકાનાં સુરજવડી (બાઢડા) ગામે રહેતા પોપટભાઈ લઘુભાઈ વાઘેલા નામનાં ૫૫ વર્ષિય આધેડ શ્રમિક ગત તા. ૨૦નાં રોજ ભાગવી રાખેલ વાડીએ એકલા હોય અને પાણી વાળતા હોય તે દરમિયાન ઈલેક્ટ્રીક મોટરનો વાયર ચાલું પાણીનાં ધોરીયામાં પડવાનાં કારણે આધેડને ઈલેક્ટ્રીક શોક લાગતા તેમનું મોત થયાનું સાવરકુંડલા રૂરલ પોલીસમાં જાહેર થવા પામેલ છે.

### ખાંભા નજીક આવેલ

## નવા માલકનેશ ગામે બંધ રહેણાંક મકાનમાંથી તસ્કરોએ રૂા. ૮૪ હજારની ચોરી કરી

### સોના–ચાંદીનાં દાગીના તસ્કરો ઉઠાવી ગયા : ફરિયાદ


અમરેલી, તા. ૨૧

ખાંભા તાલુકાનાં નવા માલકનેશ ગામે રહેતા અને મજૂરી કામ કરતાં જીલુભાઈ વલ્લભભાઈ મકવાણા નામનાં ૨૫ વર્ષિય યુવકનાં રહેણાંક મકાને ગત તા. ૧૨થી તા. ૧૯ દરમિયાન કોઈપણ સમયે કોઈ અજાણ્યા ચોર ઈસમે પ્રવેશ કરી મકાનનાં રૂમની બારીનું જાળીયું તોડી શુટકેસમાંથી રોકડ રકમ રૂા. ૫૦ હજાર, સોના–ચાંદીના દાગીના મળી કુલ રૂા. ૮૩૫૦૦નાં મુદામાલની ચોરી કરી લઈ ગયાની ફરિયાદ ખાંભા પોલીસમાં નોંધાતા બનાવ અંગે પીએસઆઈ હડીયાએ વધુ તપાસ હાથ ધરી હતી.

### જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તૈયારીઓ કરવામાં આવી

## અમરેલીમાં આજે સાંજે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ વિકાસકાર્યોનું ખાતમુહુર્ત કરશે

### ત્રિમંદિર ખાતે આયોજિત સમારોહમાં વિશેષ ઉપસ્થિતિ



અમરેલી, તા. ૨૧

રાજયનાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તા. ૨૨ નવેમ્બરની સંધ્યાએ અમરેલીની મુલાકાતે પધારી રહ્યા છે. મુખ્યમંત્રી અમરેલીમાં વિવિધ કાર્યક્રમોમાં ઉપસ્થિત રહેશે અને તેમની ગરિમામય ઉપસ્થિતિમાં અમરેલીની વિકાસયાત્રાને આગળ ધપાવતા વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત થવાનું છે. મુખ્યમંત્રી અમરેલી સ્થિત ત્રિમંદીર ખાતે યોજાનાર સમારોહમાં પણ વિશેષ ઉપસ્થિતિ રહેશે. મુખ્યમંત્રીના આગમન પૂર્વે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તૈયારીઓ કરવામાં આવી રહી છે. અમરેલીનાં ત્રિમંદિર પાસેથી પસાર થતાં અમરેલી– લીલીયા– ક્રાંકચ સુધીનાં રોડને ફોર લેન એટલે કે ચાર

અનુસંધાન પાના ૬ ઉપર

હાઉસફુલ... જાદુગર વૈતાલ... હાઉસફુલ...
ઠંડી ના લાગે તેવા તંબુમાં નિહાળો...
દર રવિવારે બે શો.... ૬:00 તથા ૯:30 કલાકે
સમીર પટેલ પ્રસ્તુત
મેજીક ઓફ ઈન્ડિયા
દરરોજ રાત્રે ૯:30 કલાકે
સ્થળ : મ્યુનિ.ગર્લ્સ સ્કૂલ નાગનાથ મંદિર પાસે, અમરેલી.
જાદુગર વૈતાલ
જાદુગર તેજા
Jaya Art & Culture
સ્થળ ઉપર એડવાન્સ બુકિંગનો સમય
સાંજે ૪ થી ૬ તથા રવિવારના શો નું બુકિંગ બપોરના ૨:૦૦ થી ૫:૦૦ સુધી
ટીકીટના દર
વી.આઇ.પી. રૂા. ૧૫૦ ■ ફર્સ્ટ કલાસ રૂા. ૧૦૦
સેકન્ડ કલાસ રૂા. ૭૦
ગ્રુપ શો, ચેરીટી શો તેમજ સામાજીક સંસ્થાના શો માટે સંપર્ક કરો. મો. ૭૩૫૯૮ ૦૦૧૪૧
બહારગામથી ૧૫ પેસેન્જર લઈ આવનાર વાહનના ડ્રાઈવરને ફ્રી પ્રવેશ આપવામાં આવશે

Since 1986
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી. (જંગરવાળા)
... હરિ ૐ ...
તમારો ગુસ્સો એ તમારી પોતાની સમસ્યા છે તેને તમારી આસપાસની દુનિયા પર ન ઠાલવો...
લાઇવ ૨૨ કેરેટ દાગીનાના ભાવ જાણવા મીસ કોલ કરો 95558 11166

ડૉ. પિયુષ વી. ગોસાઈ
(એમ.ડી.) ગાયનેક
પ્રસુતિ તથા સ્ત્રીરોગ નિષ્ણાંત
શ્રીજી વુમન્સ હોસ્પિટલ તથા સોનોગ્રાફી સેન્ટર
સુખનાથપરા, હિરામોતી ચોક, શ્રીજી ટાવર સામે, લીલીયા રોડ, અમરેલી.
ફોન : (૦૨૭૯૨) ૨૨૧૦૯૬ મો. ૭૦૧૬૧૧૨૪૦૬
ઓપીડી સમય : સવારે ૧૦ થી ૨ સાંજે ૬ થી ૮ સોમવાર થી શનિવાર...
ઉપલબ્ધ સુવિધાઓ : સગર્ભા સ્ત્રીઓની નિયમિત તપાસ (ANC) ■ પ્રસુતિ પછીની તપાસ (PNC) ■ નોર્મલ ડીલેવરી ■ સીઝેરીયન ડીલેવરી ■ કોપર ટી સરકાર માન્ય કુટુંબ નિયોજનનું ઓપરેશન ■ સરકાર માન્ય ગર્ભપાત (MTP) કેન્દ્ર ■ સોનોગ્રાફી સેન્ટર (કલર ડોપલર તથા 3D/4D સોનોગ્રાફી) ■ ગર્ભાશયનાં તમામ રોગોની તપાસ તથા સારવાર ■ ગર્ભાશયનું ટાંકાવાળુ/ટાંકા વગરનું ઓપરેશન ■ ગર્ભાશયનાં મુખનાં કેન્સરની તપાસ (પેપ્સ સ્મીયર) ■ IUI ફેસીલીટી ■ IVF માટે સલાહ.

અમરેલી જિલ્લા બ્રહ્મસમાજ તથા ઠાકર પરિવારનું ગૌરવ
અમરેલી જિલ્લા બ્રહ્મસમાજ પરિવારના ડૉ. મિલી ધવલભાઈ ઠાકર એ અંગ્રેજી વિષયમાં (Mahatma Gandhi's Concept of Swaraj) ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી જુનાગઢ ખાતેથી Ph.D. (ડોક્ટરેટની પદવી)ની ડીગ્રી પ્રાપ્ત કરી, સમગ્ર પરિવારનું ગૌરવ વધારેલ છે તે બદલ તેમને અંતરની ઉર્મિઓથી અભિનંદન...



ડૉ. મિલી ઠાકરની અન્ય સિદ્ધિઓ :
- ભારતીય શિક્ષણ મંડળ, દિલ્હી દ્વારા રાષ્ટ્રીય સ્તરે આયોજીત સંશોધન સ્પર્ધામાં તેમનું દ્વિતિય સ્થાન આવેલ છે
- રિફલેકશન ઈન ઈન્ક : એન એન્થોલોજી ઓફ ઈંગ્લિશ લિટરેચર નામનાં આંતરરાષ્ટ્રીય પુસ્તકમાં તેમનો લેખ પ્રકાશિત થયેલ છે.
- અનેક આંતરરાષ્ટ્રીય ખ્યાતનામ જર્નલ્સમાં તેમના શોધપત્રો પ્રકાશિત થયેલ છે
સમગ્ર અમરેલી જિલ્લા બ્રહ્મસમાજ પરિવાર તથા પરશુરામધામ અમરેલી તરફથી ખુબ...ખુબ... અભિનંદન સહ શુભેચ્છા...
: શુભેચ્છક :
ઉદયન ત્રિવેદી (એડવોકેટ)
ચેરમેન : નોટરી એસોસીએશન (સૌરાષ્ટ્ર ઝોન)
ઉર્મિ ત્રિવેદી (ફીટવેલ જીમ)
હરનીલ ત્રિવેદી (એડવોકેટ)
પુર્વા ત્રિવેદી

# લીલીયામોટા : વેલનાથ યુવા ગૃપ દ્વારા કોળી સમાજનું સ્નેહમિલન અને વિદ્યાર્થી સન્માન સમારંભ યોજાયો



લીલીયા મોટા વેલનાથ મંદિર ખાતે સુવાળિયા કોળી ઠાકોર સમાજનું સ્નેહ મિલન અને સાથે વિદ્યાર્થી સન્માન સમારંભ સમાજનાં અગ્રણી અને તાલુકા ભાજપ પ્રમુખ ભનુભાઈ ડાભીની ઉપસ્થિતિમાં યોજાયો. જેમાં વિઠ્ઠલભાઈ ડાભી, શાંતિભાઈ વાઘેલા, રવજીભાઈ વઘેડીયા, પરસોત્તમભાઈ ગોહિલ, મુકેશભાઈ ડાભી, કાંતિભાઈ ગોહિલ, મનસુખભાઈ જાસલિયા, મગનભાઈ ગોહિલ, વિરજીભાઈ ડાભી, ભુપતભાઈ નગવાડીયા, કેશાભાઈ ડાભી, હરજીભાઈ બારીયા, મધુભાઈ ગોહિલ, મધુભાઈ ડાભી, વિનુભાઈ ડાભી, દિલીપભાઈ ડાભી, રાજુભાઈ વાઘેલા સહિત મોટી સંખ્યામાં ભાઈઓ–બહેનો અને સમાજનાં કર્મચારીઓ, વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા પ્રથમ સ્નેહમિલન કાર્યક્રમ અને સાથે સાથે વિદ્યાર્થી સન્માન સમારંભમાં સમાજને સંપ સેવા સંગઠન શિક્ષણ બાબતે ભનુભાઈ ડાભી દ્વારા વ્યક્ત્વ આપવામાં આવ્યું. ત્યારબાદ સમાજનાં શ્રેષ્ટીઓએ પોતાના વ્યક્ત્વ રજૂ કર્યા અને ખૂબ સારી રીતે સ્નેહમિલન કાર્યક્રમ યોજવામાં આવેલ. આ તકે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત ઈનામો વિતરણ કરવામાં આવ્યા. સમાજનાં વડીલો, યુવાનો, બહેનોનાં હસ્તે ઈનામ આપવામાં આવ્યા અને વિદ્યાર્થીઓને ખૂબ જ સારું પ્રોત્સાહન પૂરું પાડવામાં આવ્યું. આ સમગ્ર કાર્યક્રમ વેલનાથ યુવા ગૃપ લીલીયા દ્વારા યોજવામાં આવેલ તેમ ઈમરાન પઠાણની યાદીમાં જણાવેલ છે.

### પિપાવાવ ધામથી જાનનું થશે આગમન

## જાફરાબાદ : વારાહસ્વરૂપ ભગવાનનાં મંદિરે આવતીકાલે તુલસી વિવાહ યોજાશે

### કન્યા પક્ષનાં મુખ્ય યજમાન લાખણોત્રા પરિવાર રહેશે



તસ્વીર : વાઘ સુમરા–કોવાયા

કોવાયા, તા. ૨૧

જાફરાબાદ તાલુકાનાં દરિયા કિનારે આવેલ વારાહસ્વરૂપ ગામમાં વારાહસ્વરૂપ ભગવાનનાં મંદિરનાં સાંનિધ્યમાં રાજુલા તાલુકા પંચાયતનાં પૂર્વ પ્રમુખ મીઠાભાઈ લાખણોત્રા અને વારાહસ્વરૂપ મંદિર ટ્રસ્ટ દ્વારા તારીખ ૨૩/૧૧/૨૩ને ગુરૂવારનાં રોજ દિવ્ય તુલસી વિવાહનું આયોજન કરવામાં આવેલ છે.

વારાહસ્વરૂપ મુકામે તુલસી વિવાહનું આયોજન કરેલ છે. તેમાં ઠાકોરજીની જબ્બરી જાન રાજુલા તાલુકાનાં પીયા ભગતનાં પીપાવા ધામ ગામેથી શ્રી રણછોડરાય મંદિર શ્રી ૧૦૦૮ મહેશદાસ બાપુ પીપાવાવ તથા સમસ્ત પીપાવાવ ગામથી પધારશે. ઠાકોરજીની જાડી જાન લઈ જવા માટે સમસ્ત પીપાવાવ ગામ એકજૂથ થઈ અને અત્યારથી તડામાર તૈયારીઓ શરૂ કરી દીધી છે. આ ઠાકોરજીની જાન એ સમસ્ત પીપાવાવ ગામ લઈને જવાનું છે. જે જાન પીપાવાવ ગામથી બીરાજમાન થશે. જે જાન વાજતે–ગાજતે વારાહ સ્વરૂપ મંદિર મુકામે શ્રી વૃન્દા(શ્રી તુલસી માતાજી)ની સાથે વિવાહ કરવામાં આવશે.

જયારે વારાહ સ્વરૂપ મંદિરનાં સાંનિધ્યમાં જે યજમાન સાવજભાઈ મીઠાભાઈ લાખણોત્રા અને ખીમાભાઈ સાર્દુળભાઈ લાખણોત્રા છે. જે શ્રી વૃન્દા(શ્રી તુલસી માતાજી) નું કન્યાદાન કરશે.

આ તુલસી વિવાહમાં વારાહસ્વરૂપ મુકામે ગુજરાતનાં સુપ્રસિધ્ધ લોક ગાયિકા જાગૃતિ ચૌધરી અને રાકેશ બારોટ પોતાનાં મધુર સુરથી લોક–ડાયરા અને લગ્ન ગીતોની રમઝટ બોલાવશે. વારાહસ્વરૂપ તુલસી વિવાહ આયોજનમાં અનેક સંતો, મહંતો ઉપસ્થિત રહી અને સર્વ ધર્મપ્રેમી જનતાને રૂડા આશીર્વાદ પાઠવશે તથા તુલસી વિવાહમાં અનેક રાજકિય અને સામાજિક આગેવાનો પણ ઉપસ્થિત રહેશે. વારાહ સ્વરૂપ મંદિરનાં સાનિધ્યમાં જે તુલસી વિવાહનું આયોજન કરવામાં આવેલ છે. તેમાં રાત્રીનાં સર્વ ધર્મપ્રેમી જનતા માટે મહાપ્રસાદનું પણ આયોજન કરવામાં આવેલ છે. અને ત્યારબાદ મોડી રાત્રી સુધી ગુજરાતનાં સુપ્રસિધ્ધ લોક ગાયિકા જાગૃતિ ચૌધરી અને રાકેશ બારોટ પોતાનાં મધુર સુરથી લોક ડાયરાની રમઝટ બોલાવશે.

તો આ ભવ્ય અને દિવ્ય તુલસી વિવાહમાં રાજુલા તાલુકા પંચાયતનાં પૂર્વ પ્રમુખ મીઠાભાઈ લાખણોત્રા અને વારાહસ્વરૂપ મંદિર ટ્રસ્ટ દ્વારા સર્વ ધર્મપ્રેમી જનતાને ખુબ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેવા જાહેર આમંત્રણ પાઠવેલ છે.

### બગસરા નજીક આવેલ

## માવજીંજવા ગામે સામાન્ય બાબતે ત્રણ ઈસમો ઉપર ધારીયા વડે હુમલો

અમરેલી, તા. ૨૧

બગસરા તાલુકાનાં માવજીંજવા ગામે રહેતા બીપીનભાઈ નનુભાઈ પાધરા નામના ૩૫ વર્ષિય ખેડૂતે દિવ્યેશ ઉર્ફે લાલો દિનેશગીરી ગોસાઈ સહિત ૭ જેટલા લોકો સામે પોલીસ ફરિયાદમાં જણાવેલ છે કે ગત તા. ૨૦નાં રોજ આરોપીઓએ એક સંપ કરી પરશોતમભાઈ તથા અશોકભાઈ પાધરા સાથે માથાકૂટ કરી ધારીયા, પરશોતમભાઈ, શારદાબેન, મગનભાઈ સહિતનાઓને માર મારી ગંભીર ઈજાઓ કર્યાની ફરિયાદ બગસરા પોલીસમાં નોંધાઈ છે.

## મોટા ઝીંઝુડા ગામે પ્રાથમિક શાળાનાં બાગ બગીચાની સફાઈ ઝુંબેશ યોજાઈ



અમરેલી, તા. ૨૧

બે માસના મહા સ્વચ્છતા અભિયાન અંતર્ગત અમરેલી જિલ્લામાં વિવિધ વિસ્તારોમાં સ્વચ્છતા ઝુંબેશ યોજાઈ રહી છે. આ કડીનાં ભાગરૂપે જાહેર જગ્યાઓની સફાઈ કરવાના હેતુથી અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાનાં મોટા ઝીંઝુડા ગામે પ્રાથમિક શાળાના બાગ બગીચાની સફાઈ ઝુંબેશ યોજાઈ હતી. સ્વચ્છતા હી સેવા મહા અભિયાનમાં ગ્રામજનો, સરપંચ, ઉપસરપંચ સહિત સૌ જોડાયા હતા. સ્વચ્છતા અભિયાન અંતર્ગત સપ્તાહના પ્રતિ રવિવારે આગામી તા. ૧૬મી ડિસેમ્બર ૨૩ સુધી મેગા સ્વચ્છતા ડ્રાઈવ યોજાશે. આ કડીના ભાગરૂપે ગત તા. ૧૯ નવેમ્બર, ૨૦૨૩ના રોજ અમરેલી જિલ્લા સહિત સમગ્ર રાજયમાં ‘સિંગલ યુઝ પ્લાસ્ટિક’નાં વપરાશ અને નિકાલ અંગેની જાગૃતિ અને સિંગલ યુઝ પ્લાસ્ટિકનું કલેકશન કરવામાં આવ્યું હતુ. ઉપરાંત એકયુલન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ કાર્યરત હોય ત્યાં રીનોવેશન, અપગ્રેડેશન સહિતની કામગીરી કરવામાં આવી હતી. સ્વચ્છતા ઝુંબેશના આ સેવાયજ્ઞમાં સ્વચ્છ ભારત અભિયાન (ગ્રામીણ)નાં કર્મયોગીઓ, સ્થાનિકો સ્વયંભૂ જોડાઈ અને સ્વચ્છ અને નિર્મળ ગુજરાત બનાવવા માટે પ્રયત્નશીલ છે.

## અમરેલીનાં શકિત ગૃપનાં અશોક વાળાનો જન્મદિન



અમરેલી, તા. ૨૧

અમરેલી દરેક સમાજનાં પ્રિય એવા સેવાભાવી અને સંબંધોને સાચવી જાણનાર વાળાની ઉપર શુભેચ્છાઓનો ધોધ વહેતો થયો અમરેલી કાઠી ક્ષત્રિય સમાજ યુવા અગ્રણી અશોક હનુભા વાળાનો જન્મદિવસ છે શકિત ગૃપ માધ્યમ વિવિધ સેવાકીય પ્રવૃતિઓ અને સૌને જરૂર પડે ત્યારે દોડી જવાની આદતને કારણે અશોક વાળા ખાસ લોકપ્રિય છે. આજે તેમના જન્મદિવસ મોબાઈલ નંબર ૮૪૮૮૮ ૫૮૫૮૮ ઉપર તેમને શુભકામના પાઠવે છે.

### સમસ્ત ગામજનોમાં જબ્બરા ઉત્સાહ વચ્ચે

## ઢસા ખાતે રાજપરા પરિવારનાં સાહયોગથી નિર્માણ પામેલ પટેલ સમાજવાડી પ્રવેશ દ્વારનું લોકાર્પણ કરાયું

### રાજકીય અને સામાજીક આગેવાનો ઉપસ્થિત રહ્યાં



અમરેલી, તા. ૨૧

ઢસા ગામે માતુશ્રી દિવાળીબેન લવજીભાઈ શામજીભાઈ રાજપરા પરીવાર ઢસા ગામનાં સપૂર્ણ આર્થિક સહયોગથી તૈયાર થયેલ ભવ્ય અને દિવ્ય પટેલ સમાજવાડી પ્રવેશદ્વારનું લોકાર્પણ તા. ૧૮/૧૧/૨૦૨૩ના શુભદિને બીએપીએસ મંદિરના કોઠારી સ્વામી અધ્યાત્મ સ્વરૂપદાસજી તથા ભારત સરકારનાં કેબીનેટ મંત્રી પરશોતમભાઈ રૂપાલાનાં કરકમલો દ્વારા સંપન્ન થયેલ છે.આ સાથે આયોજીત સ્નેહ મીલન સમારોહમાં કેબીનેટ મંત્રી રૂપાલા,સાંસદ નારણભાઈ કાછડીયા, ગુજરાત ભાજપના ઉપાધ્યક્ષ અને પૂર્વ ગૃહમંત્રી ગોરધનભાઈ ઝડફીયા, ગુજરાત વિધાન સભાના દંડક કૌશિકભાઈ વેકરીયા, ધારી– બગસરાના ધારાસભ્ય જે.વી. કાકડીયા, સાવરકુંડલાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, રાજકોટના ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા, લાઠી બાબરાના ધારાસભ્ય જનકભાઈ તળાવિયા, સુરતના મેયર દક્ષેશભાઈ માવાણી ઉપસ્થિત રહયાં હતા. તેઓઓનું મોમેન્ટો, શાલ, પુસ્તક અને પુષ્પગુચ્છ દ્વારા આયોજક પરિવાર દ્વારા વિશિષ્ટ સન્માન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત માજી ધારાસભ્યો, ટીંબી હોસ્પિટલના પૂર્વ પ્રમુખ ખીમજીભાઈ દેવાણી, બોટાદ જીલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ ઘનશ્યામભાઈ વિરાણી, બોટાદ જીલ્લા સંઘના પ્રમુખ સુરેશભાઈ ગોધાણી, મહુવા માર્કેટ યાર્ડના ચેરમેન ઘનશ્યામભાઈ પટેલ, અમદાવાદના બિલ્ડર તેમજ અન્નપૂર્ણાધામના પ્રમુખ રવજીભાઈ વસાણી, બિલ્ડર પરશોતમભાઈ ધેવરીયા, સુપ્રસિધ્ધ સાહિત્યકાર મનસુખભાઈ વસોયા, મોટી વેટર અંકિતાબેન મુલાણી, હાસ્યકાર ધનશ્યામ લાખાણી, સુખદેવભાઈ ધામેલીયા, હરજીભાઈ નારોલા ( દામનગર ) વિવિધ ક્ષેત્રનાં મહાનુભાવો, આમંત્રિતઓ, સગા સ્નેહીઓ, ઢસા ગામ તથા ઢસા જં.ના અંદાજીત ૨૦૦૦ થી વધુની વિશાળ સંખ્યામાં વડીલો, માતાઓ, ભાઈઓ, બહેનો અને બાળકોની ઉપસ્થિતમાં સંપન્ન થયેલ છે. સ્વામી નિર્દોષાનંદજી માનવસેવા હોસ્પિટલ, ટીંબીના મેને.ટ્રસ્ટી બી.એલ. રાજપરા તથા લલીતભાઈ રાજપરા, ભાવેશભાઈ રાજપરા અને સંદિપભાઈ રાજપરાના સંપૂર્ણ આર્થિક સહયોગથી પટેલ સમાજવાડી પ્રવેશ દ્વાર નિર્માણ તેમજ સ્નેહમિલન સમારોહનું આયોજન કરવામાં આવેલ. આયોજક પરિવારનું ઢસાગામ પટેલ સમાજ વાડીના ટ્રસ્ટીઓ, ઢસાગામ પંચાયત, સરપંચ, તથા કમીટી સભ્યો તેમજ ઢસાના અગ્રણી ધનશ્યામભાઈ વિરાણી દ્વારા સન્માનપત્ર, શાલ અને પુષ્પગુચ્છથી સન્માનિત કરવામાં આવેલ.

## અમરેલીમાં શુક્રવારથી રવિ કૃષિ મહોત્સવ યોજાશે

અમરેલી, તા. ૨૧

રાજય સરકાર દ્વારા આગામી તા. ૨૪ અને ૨૫ નવેમ્બર, ૨૦૨૩નાં રોજ સમગ્ર રાજયમાં રવિ કૃષિ મહોત્સવ–૨૩નુંઆયોજન હાથ ધરવામાં આવ્યું છે. આ અંતર્ગત જિલ્લાના તમામ તાલુકામાં રવિ કૃષિ મહોત્સવ–૨૦૨૩ યોજાશે. આગામી તા.૨૪ નવેમ્બર,૨૩ના રોજ નવુ ખેડૂત તાલીમ કેન્દ્ર–લીલીયા રોડ, અમરેલી ખાતે અમરેલી તાલુકા કક્ષાનો રવિ કૃષિ મહોત્સવ–૨૦૨૩ યોજાશે. તાલુકા કક્ષાનાં કાર્યક્રમમાં વિધાનસભાનાં નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરિયા ઉપસ્થિત રહેશે. ઉલ્લેખનીય છે કે, રવિ કૃષિ મહોત્સવમાં પશુપાલન કેમ્પનું પણ આયોજન કરવામાં આવશે. આ ઉપરાંત ખેડૂતોને મોડલ ફાર્મની મુલાકાતનો પણ અવસર મળશે. રાજય સરકાર દ્વારા ખેડૂત હિતલક્ષી યોજનાઓ અમલી છે જેના લાભ છેવાડાના માનવી સુધી પહોંચી રહ્યા છે. રવિ કૃષિ મહોત્સવ–૨૦૨૩માં ખેડૂતોને કૃષિલક્ષી વિવિધ યોજનાઓની માહિતી પણ આપવામાં આવશે.

# ધારી ખાતે ૭૦માં અખિલ ભારતીય સહકાર સપ્તાહ અંતર્ગત સહકારી સેમિનારનું આયોજન થયું



ભારતીય રાષ્ટ્રીય સહકારી સંઘ અને ગુજરાત રાજય સહકારી સંઘના દિશા નિર્દેષો અનુસાર અને અમરેલી જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ મનીષ સંઘાણીનાં માર્ગદર્શન હેઠળ ધારી ખાતે અમરેલી જિલ્લા સહકારી સંઘ દ્વારા ૭૦ માં અખિલ ભારતીય સહકાર સપ્તાહ અંતગર્ત જાહેર–ખાનગી અને સહકારી ભાગીદારી મજબૂત બનાવવાનાં વિષય પર સહકારી સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અમરેલી જિલ્લા સહકારી ખરીદ– વેચાણ સંઘનાં અધ્યક્ષ જયંતીભાઈ પાનસુરીયા, ધારી માર્કેટિંગ યાર્ડનાં અધ્યક્ષ રમણીકભાઈ સોજીત્રા, મોણવેલ સેવા સહકારી મંડળીનાં અધ્યક્ષ રાજેશભાઈ ડાંગર ઉપસ્થિત રહ્યા હતા. ત્યારે સહકાર સપ્તાહનાં ૫માં દિવસે જાહેર–ખાનગી અને સહકારી ભાગીદારોને મજબૂત બનાવવાનાં વિષય પર અધ્યક્ષ સ્થાનેથી મનીષ સંઘાણી દ્વારા જણાવતા કહ્યું હતું કે જાહેર–ખાનગી–સહકારી ભાગીદારીને શુદ્ધ કરવા બહુ આયામી અભિગમ આવશયક છે. સૌ પ્રથમ તો સંગીન કાનૂની અને નિયમકારી માળખું સ્થાપિત કરવું જોઈએ જાહેર–ખાનગી અને સહકારી ભાગીદારી સુધી અને મજબૂત કરવા નિયમિત સમીક્ષા આંતરરાષ્ટ્રીય સર્વ શ્રેષ્ઠ ધારાધોરણોને અમલ, જન જાગૃતિ વગેરે મહત્વનાં પરિબળો છે.

### દિલ્હી-એનસીઆરમાં પ્રદૂષણ મામલે સુપ્રીમમાં સુનાવણી

## પરાળી સળગાવનારા પાસેથી સરકારે અનાજ ન ખરીદવું જોઈએ : સુપ્રીમ

**પરાળી સળગાવનારાઓ વિરુદ્ધ કાર્યવાહી લગભગ ૧૦૦ એફઆરઆઈ નોંધાઈ છે અને ૨ કરોડ રૂપિયાનો દંડ પણ વસૂલ્યો હોવાની પંજાબ સરકારના વકીલની રજૂઆત**

નવી દિલ્હી,તા.૨૧

આજે સુપ્રીમ કોર્ટમાં દિલ્હી-એનસીઆરમાં પ્રદૂષણ મામલે સુનાવણી થઈ હતી જેમાં કોર્ટે કહ્યું કે કેટલાક ખેડૂતો લોકોની પરવા કર્યા વિના જ પરાળી સળગાવી રહ્યા છે તો સરકાર શા માટે તેના પર કડક પગલાં લઈ રહી નથી. આ ઉપરાંત કોર્ટે કહ્યું કે કાયદાનું ઉલ્લંઘન કરનારા લોકોને આર્થિક લાભ શા માટે આપવો જોઈએ? કોર્ટે વધુમાં કહ્યું કે સરકારે એવા ખેડૂતો પાસેથી અનાજ ન ખરીદવું જોઈએ કે જેઓ પરાળી સળગાવી રહ્યા છે. સુપ્રીમ કોર્ટે દિલ્હી-એનસીઆરમાં પ્રદૂષણ મામલે સુનાવણી દરમિયાન પંજાબના વકીલને પૂછ્યું કે કેટલાક ખેડૂતો લોકોની પરવા કર્યા વિના ખેતરોમાં પરાળી સળગાવી રહ્યા છે તો સરકાર શા માટે કડક પગલાં લઈ રહી નથી, જેના જવાબમાં પંજાબ સરકાર તરફથી હાજર વકીલે કહ્યું હતું કે સરકારે પગલાં લીધાં છે જેમાં પરાળી સળગાવનારાઓ વિરુદ્ધ કાર્યવાહી કરી છે, લગભગ ૧૦૦ એફઆરઆઈ નોંધી છે અને ૨ કરોડ રૂપિયાનો દંડ પણ વસૂલ્યો છે. તેમજ અમારું સૂચન છે કે કેન્દ્ર અને તમામ રાજ્યોએ સમયસર સાથે મળીને કામ કરવું જોઈએ જેથી આગામી સિઝનમાં આ સ્થિતિ ઊભી ન થાય. આના જવાબમાં કોર્ટે કહ્યું કે આગામી સિઝનની રાહ જોવાની જરૂર નથી. અમે મામલાની દેખરેખ રાખીશું.

આ ઉપરાંત કોર્ટે કહ્યું કે કાયદાનું ઉલ્લંઘન કરનારા લોકોને આર્થિક લાભ શા માટે આપવો જોઈએ? અને વધુમાં કહ્યું હતું કે એફઆરઆઈ અને દંડ ઉપરાંત તેમને એમએસપીથી પણ વંચિત રાખવા જોઈએ. કોર્ટે વધુમાં કહ્યું કે સરકારે એવા ખેડૂતો પાસેથી અનાજ ન ખરીદવું જોઈએ કે જેઓ પરાળી સળગાવી રહ્યા છે. સુપ્રીમ કોર્ટની બેન્ચે કહ્યું કે જો કે એ વાત પણ સાચી છે કે જ્યારે પંજાબમાં એમએસપીમાટે અન્ય રાજ્યોનું અનાજ વેચી શકાય છે, તો પછી એક ખેડૂતનું અનાજ બીજા ખેડૂતને કેમ ન વેચી શકાય? તેથી કદાચ આ ઉકેલ નહીં આવે. સુપ્રીમ કોર્ટે બિહારનું ઉદાહરણ આપતા કહ્યું કે બિહારના લોકો હજુ પણ મશીનનો ઉપયોગ ઓછો કરે છે અને હાથથી જ લણણી કરે છે એટલે ત્યાં પરાળી સળગાવવાની ઘટનાઓ બહુ ઓછી છે. હવે આ મામલે આગામી સુનાવણી ૫મી ડિસેમ્બરના રોજ થશે.

### સુરેન્દ્રનગર જિલ્લામાં ફરજ બજાવતા TRB જવાનોનો વિરોધ

## TRB જવાનોને નોકરીમાંથી છૂટા કરવાના આદેશને લઈ વિરોધ

**સરકાર દ્વારા પરિપત્ર રદ કરી TRB જવાનોની નોકરી રાબેતા મુજબ શરૂ રાખવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે**

સુરેન્દ્રનગર, તા.૨૧

સુરેન્દ્રનગર જિલ્લામાં ફરજ બજાવતા TRB જવાનોએ વિરોધ નોંધાવ્યો છે. જિલ્લામાં અંદાજે ૪૦ ટીઆરબી જવાનો કાર્યરત છે. શહેરની આર્ટસ કોલેજ ખાતે TRB જવાનોએ એકત્ર થઈ ઉગ્ર વિરોધ કર્યો હતો. ટીઆરબી જવાનો દ્વારા તેનો વિરોધ કરી નોકરી ચાલુ રાખવા માગ કરી છે અને સરકારના આ નિર્ણયનો વિરોધ કર્યો છે.

રાજ્ય સરકાર દ્વારા TRB જવાનોને નોકરીમાંથી છૂટા કરવાના આદેશ કરવામાં આવ્યો છે, જેનો હવે વિરોધ શરૂ થઈ ચુક્યો છે. સુરેન્દ્રનગર જિલ્લામાં ફરજ બજાવતા TRB જવાનોએ વિરોધ નોંધાવ્યો છે. જિલ્લામાં અંદાજે ૪૦ ટીઆરબી જવાનો કાર્યરત છે. શહેરની આર્ટસ કોલેજ ખાતે TRB જવાનોએ એકત્ર થઈ ઉગ્ર વિરોધ કર્યો હતો. સરકાર દ્વારા પરિપત્ર રદ કરી TRB જવાનોની નોકરી રાબેતા મુજબ શરૂ રાખવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.

મહત્વનું છે કે, સમગ્ર રાજયના હજારો ટીઆરબી જવાનોને છુટા કરવાનો રાજય સરકાર દ્વારા આદેશ કરવામાં આવ્યો છે, ત્યારે હવે ટીઆરબી જવાનો દ્વારા તેનો વિરોધ કરી નોકરી ચાલુ રાખવા માગ કરી છે અને સરકારના આ નિર્ણયનો વિરોધ કર્યો છે.

### વિદ્યા સહાયકોનું આંદોલન ગાંધીનગર પહોંચ્યુ

## શિક્ષકોની કાયમી ભરતી કરવાની માંગ સાથે મોટી સંખ્યામાં ઉમેદવારો ગાંધીનગર એકઠા થયા

**ટેટ પાસ ઉમેદવારોએ ગાંધીનગરમાં ફરી એક વખત જ્ઞાન સહાયક ભરતીનો વિરોધ નોંધાવ્યો**

ગાંધીનગર , તા.૨૧

વધુ એક આંદોલન ગાઁધીનગરના દ્વાર સુધી પહોંચ્યું છે. શિક્ષકોની કાયમી ભરતી કરવાની માંગ સાથે મોટી સંખ્યામાં ઉમેદવારો ગાંધીનગર એકઠા થયા હતા. વિદ્યા સમીક્ષા કેન્દ્ર પર ઉમેદવારોએ પોતાનો વિરોધ વ્યક્ત કર્યો હતો. ટેટ પાસ ઉમેદવારોએ ગાંધીનગરમાં ફરી એક વખત જ્ઞાન સહાયક ભરતીનો વિરોધ નોંધાવ્યો છે. પરંતુ વિરોધ પ્રદર્શિત કરે તે પહેલા જ પોલીસે અટકાયત કરી હતી. પોલીસ અને ઉમેદવારો વચ્ચે ઘર્ષણ સર્જાતા પોલીસે ટીંગાટોળી કરી ઉમેદવારોની અટકાયત કરી હતી. આ સમયે કેટલીક મહિલા ઉમેદવારો રડી પડી હતી.

જ્ઞાન સહાયકની કરાર આધારિત ભરતી રદ કરી કાયમી ભરતીની માંગણી સાથે ઉમેદવારોનું આંદોલન ચાલી રહ્યું છે. આ માટે આજે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની કચેરીની બહાર ઉમેદવારો ભેગા થયા હતા. જ્યાં સુધી કાયમી શિક્ષકની માંગણી નહીં સંતોષાય ત્યાં સુધી ટેટ ટાટ પાસ ઉમેદવારો દ્વારા આંદોલન ઉગ્ર કરવામાં આવશે તેવી જાહેરાત કરાઈ હતી. ટેટ પાસ ઉમેદવારોએ ગાંધીનગરમાં ફરી એક વખત જ્ઞાન સહાયક ભરતીનો વિરોધ નોંધાવ્યો.

વિદ્યા સહાયક સામેનો રોષ સતત ઉમેદવારોમાં વધી રહ્યો છે. જ્ઞાન સહાયક ભરતી રદ કરી કાયમી ભરતી કરવાની માંગણી સાથે ટેટ પાસ ઉમેદવારોએ ઉગ્ર વિરોધ દર્શાવ્યો. માધ્યમિક શિક્ષણ બોર્ડ કચેરી પાસે ટેટ પાસ ઉમેદવારો એકઠા થયા હતા. ત્યારે ગાંધીનગરમાં જ્ઞાન સહાયક ભારતી સામે વિરોધ પ્રદર્શન કરતા જ ઉમદેવારોની ટીંગાટોળી કરીને અટકાયત કરાઈ હતી.

ઉમેદવારોએ જણાવ્યું કે, પોલીસ ગમે તેટલી વાર અટકાયત કરશે. પણ અમારું આંદોલન ચાલુ જ રહેશે. કરાર આધારિત નહીં પણ કાયમી શિક્ષકોની ભરતી કરો. ટેટ પાસ ઉમેદવારોની માગણી છે કે કરાર આધારિત નહિ પણ શિક્ષકોની કાયમી ભરતી કરવામાં આવે.

એપ્રિલ ૨૦૦૫ પહેલા નિમણૂક પામેલા શિક્ષકોને જૂની પેન્શન યોજનાનો ઠરાવ ન થતા આજે ગાંધીનગરમાં બેઠકનું આયોજન કરાયુ હતું. આગામી રણનીતિ નક્કી કરવા માટે બેઠક કરાઈ હતી. ગયા વર્ષે સરકારે લાભ આપવાની જાહેરાત કર્યા બાદ ઠરાવ ન થતા શિક્ષકોએ વિરોધ દર્શાવ્યો હતો.

ઠરાવ ન આવતા શિક્ષકો જરૂર પડે તો આંદોલન કરશે તેવી ચીમકી આપી. જૂની પેન્શન યોજના અંગે રાજ્યના ૨૨ હજારથી વધુ શિક્ષકો આંદોલન કરી શકે છે.

રાજ્યના આરોગ્ય કર્મચારીઓ સરકાર સામે બાંયો ચડાવવાના મૂડમાં છે. રાજ્ય સરકારે ગયા વર્ષે કરેલા સમાધાન સંદર્ભે વિરોધના સૂર પેદા થયા છે. વિવિધ માંગ કરાઈ છે. જેમ કે, MPHW, FHW કેડરને ટેક્નિકલમાં ગણવા માંગ. MPHW, FHW સહિતની ૪ કેડરને ગ્રેડ પે સુધારવા માંગ. તેમજ સરકાર સાથે બેઠકની આરોગ્ય કર્મચારીઓની માંગ કરાઈ.

### કોંગ્રેસે રાજસ્થાન વિધાનસભા ચૂંટણી માટે મેનિફેસ્ટો જાહેર કર્યો

## રાજસ્થાન કોંગ્રેસનું ચાર લાખ સરકારી નોકરી આપવાનું વચન

**ખેડૂતોને ૨ લાખ રૂપિયા સુધીની વ્યાજ મુક્ત લોન આપવામાં આવશે, યુવાનો માટે ૧૦ લાખ નવી નોકરીઓ ઉભી કરવામાં આવશે**

જયપુર,તા.૨૧

કોંગ્રેસે રાજસ્થાન વિધાનસભા ચૂંટણી માટે મેનિફેસ્ટો જાહેર કર્યો છે આ મેનિફેસ્ટો પાર્ટી કાર્યાલયમાંથી જાહેર કરવામાં આવ્યો હતો જેમાં યુવાનો, મહિલાઓ અને ખેડૂતો માટે મોટી જાહેરાતો કરવામાં આવી છે.

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ રાજસ્થાન વિધાનસભા ચૂંટણી માટે જયપુરના પાર્ટી કાર્યાલયમાંથી મેનિફેસ્ટો જાહેર કર્યો છે, જેમાં ૪ લાખ સરકારી નોકરીઓ આપવાનું વચન આપ્યું છે જ્યારે ખેડૂતોને ૨ લાખ રૂપિયા સુધીની વ્યાજ મુક્ત લોન આપવામાં આવશે. આ ઉપરાંત યુવાનો માટે ૧૦ લાખ નવી નોકરીઓ ઉભી કરવામાં આવશે. આ સિવાય પરિવહનમાં મુસાફરી ભાડામાં ડિસ્કાઉન્ટ ઉપરાંત મફત માસિક પાસ પણ જારી કરવામાં આવશે તેમજ મહિલાઓની સુરક્ષા માટે જાહેર સ્થળોએ સીસીટીવી કેમેરા લગાવવામાં આવશે અને ગાર્ડની નિમણૂંક કરવામાં આવશે.

કોંગ્રેસની ચૂંટણી માટેની મેનિફેસ્ટોમાં કરાયેલી જાહેરાત

- યુવાનો માટે ૧૦ લાખ નવી નોકરીઓ ઉભી કરવામાં આવશે.
- ૪ લાખ નવી સરકારી નોકરીઓ આપવામાં આવશે.
- મહિલાઓની સુરક્ષા માટે જાહેર સ્થળોએ સીસીટીવીકેમેરા લગાવવામાં આવશે.
- પરિવહનમાં જારી કરાયેલ મુસાફરી ભાડા પર ડિસ્કાઉન્ટ ઉપરાંત, મફત માસિક પાસ પણ જારી કરવામાં આવશે.
- મહિલાઓની સુરક્ષા માટે ગાર્ડની નિમણૂંક કરવામાં આવશે.
- ખેડૂતો માટે એમએસપીમાટે કાયદો બનાવવામાં આવશે.
- ૨ લાખ રૂપિયા સુધીની વ્યાજ મુક્ત લોન આપવામાં આવશે.
- મનરેગા હેઠળ કામદારો માટે રોજગારનો સમયગાળો વધારીને ૧૫૦ દિવસ કરવામાં આવશે.
- ઈન્દિરા ગાંધી શહેરી રોજગાર ગેરંટી યોજના હેઠળ રોજગારનો સમયગાળો વધારીને ૧૫૦ દિવસ કરવામાં આવશે.
- ઓટો અને ટેક્સી ડ્રાઈવરોનો ગિગ વર્કર્સ એક્ટમાં સમાવેશ કરવામાં આવશે.
- મેડિકલ સેક્ટરમાં ચિરંજીવી હેલ્થ પ્રોટેક્શન ઈન્સ્યોરન્સની રકમ ૨૫ લાખ રૂપિયાથી વધારીને ૫૦ લાખ રૂપિયા કરવામાં આવશે.
- ચિરંજીવીને નિઃસંતાન યુગલો માટેના આઈવીએફનેશનલ પેકેજમાં સામેલ કરવામાં આવશે.

રાજસ્થાનના મુખ્યમંત્રી સીએમ ગેહલોતે ચૂંટણી મેનિફેસ્ટો અંગે કહ્યું કે મિશન ૨૦૩૦ માટે અમે જે સર્વે કર્યો હતો તેમાં કરોડોથી વધુ લોકોએ પોતાનો અભિપ્રાય આપ્યો હતો, અમે તેમના મંતવ્યોને ધ્યાનમાં રાખીને મેનિફેસ્ટો બનાવ્યો છે. અમારા વિચાર એવા છે કે વચનો ન આપો અને જો વચનો આપો તો તેને પાળજો. તેમણે વધુમાં કહ્યું કે આજે સમગ્ર દેશમાં રાજસ્થાનની ચર્ચા થઈ રહી છે, આપણા કાયદાઓ અને આપણી ગેરંટી યોજનાઓ છે. જેઓ પેપર લીકનો મુદ્દો બનાવી રહ્યા છે તેમને પૂછો કે શું તેઓએ હજુ સુધી કોઈપણ રાજ્યમાં કોઈની ધરપકડ કરી છે અને કાયદો બનાવ્યો છે?

### ઈઝરાયેલ-હમાસ યુદ્ધની વચ્ચે હમાસના નેતાનો દાવો

## હમાસ ઈઝરાયેલ સાથે યુધ્ધ વિરામ કરારની નજીક

**હમાસના નેતા ઈસ્માઈલ હનીયેહેસોશિયલ મીડિયા પોસ્ટ ટેલિગ્રામ પર આ નિવેદન જારી કર્યું**

ગાઝા,તા.૨૧

હમાસના નેતા ઈસ્માઈલ હનીયેહે ગુરુવારે દાવો કર્યો હતો કે તેઓ ઈઝરાયેલ સાથે યુદ્ધવિરામ કરારની નજીક છે. હનીહેએ સોશિયલ મીડિયા પોસ્ટ ટેલિગ્રામ પર આ નિવેદન જારી કર્યું છે. તમને જણાવી દઈએ કે તાજેતરમાં જ અમેરિકી રાષ્ટ્રપતિ જો બિડેને પણ સંકેત આપ્યા હતા કે અપહરણ કરાયેલા બંધકોને છોડાવવા માટે ઈઝરાયેલ અને હમાસ વચ્ચે ટૂંક સમયમાં સમજૂતી થઈ શકે છે.

મીડિયા રિપોર્ટ્સ અનુસાર , ઈઝરાયેલ અનેહમાસવચ્ચે યુદ્ધવિરામ કરાર કતાર દ્વારા મધ્યસ્થી કરવામાં આવી રહ્યો છે. હમાસની રાજકીય પાંખની ઓફિસ પણ કતારમાં છે. કતારના પીએમએ રવિવારે કહ્યું હતું કે હમાસ દ્વારા અપહરણ કરાયેલ ઈઝરાયલી બંધકોની મુક્તિ અને ટૂંકા ગાળાના યુદ્ધવિરામ પર ટૂંક સમયમાં સમજૂતી થઈ શકે છે પરંતુ તે કેટલાક મુદ્દાઓ પર અટવાયેલો છે. સોમવારે અમેરિકી રાષ્ટ્રપતિ જો બિડેને પણ આનો સંકેત આપ્યો હતો. વાસ્તવમાં, જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે શું ઈઝરાયેલી બંધકોને મુક્ત કરવા માટેનો સોદો ટૂંક સમયમાં થઈ શકે છે, ત્યારે બિડેને કહ્યું, ' મને એવું લાગે છે. ' મીડિયા રિપોર્ટ્સને ટાંકીને કહેવામાં આવી રહ્યું છે કે સમજૂતી હેઠળ ઈઝરાયેલ પાંચ દિવસ માટે યુદ્ધવિરામનું પાલન કરશે અને આ દરમિયાન જમીન પર યુદ્ધવિરામ રહેશે અને ઉત્તર ગાઝામાં કોઈ હવાઈ હુમલા નહીં થાય .

બદલામાં, હમાસ ૫૦-૧૦૦ ઈઝરાયેલીબંધકોનેમુક્ત કરી શકે છે . જે બંધકોને મુક્ત કરવામાં આવશે તેમાં ઈઝરાયલી નાગરિકો અને વિદેશી નાગરિકોનો સમાવેશ થશે, પરંતુ કોઈ બંધક સૈનિકોને છોડવામાં આવશે નહીં . આ સમજૂતી હેઠળ ઈઝરાયેલે લગભગ ૩૦૦ પેલેસ્ટાઈનીઓનેપણ મુક્ત કરવા પડશે , જે ઈઝરાયેલની વિવિધ જેલોમાં બંધ છે. હાઈટ હાઉસે કહ્યું કે સંભવિત કરાર અંગેની વાટાઘાટો અંતિમ તબક્કામાં પહોંચી ગઈ છે, પરંતુ વ્હાઈટ હાઉસે વધુ માહિતી આપવાનો ઈનકાર કર્યો છે. રેડ ક્રોસે સોમવારે જણાવ્યું હતું કે તેના પ્રમુખ કતારમાં હમાસના વડા ઈસ્માઈલ હનીયેહને પણ મળ્યા હતા અને ગાઝાને માનવતાવાદી સહાય પૂરી પાડવા અંગે ચર્ચા કરી હતી. રેડ ક્રોસે બંને પક્ષોને અપીલ કરી છે કે લડાઈમાં નાગરિકોની સુરક્ષા કરવી જોઈએ. રેડ ક્રોસે પણ બંધકોને તાત્કાલિક મુક્ત કરવા અપીલ કરી હતી. તમનેજણાવીદઈએકે ૭ ઓક્ટોબરેહમાસના આતંકવાદીઓએ ઈઝરાયેલની સરહદમાં ઘૂસીને નરસંહાર કર્યો હતો અને ૧૪૦૦ લોકોની હત્યા કરી હતી . આ દરમિયાન હમાસના આતંકવાદીઓએ ૨૪૦ ઈઝરાયેલ અને ઘણા વિદેશીનાગરિકોનુંપણ અપહરણ કર્યુંહતું . તેના જવાબમાં ઈઝરાયેલે ગાઝા પટ્ટી પર બોમ્બમારો કર્યો હતો , જેમાં ૧૩ હજારથી વધુ લોકોના મોત થયા છે.

### છોટાઉદેપુરમાં આદિવાસી નેતાઓ વચ્ચે વાક્યુદ્ધ જામ્યું

## ભાજપ-કોંગ્રેસના આદિવાસી નેતાઓ વચ્ચે વાક્યુદ્ધ જામ્યું

**અર્જુન રાઠવાની માહિતી ગેરમાર્ગે દોરનારી હોવાથી રામસિંગ રાઠવાની લિગલ પગલા લેવાની તૈયારી**

છોટાઉદેપુર, તા.૨૧

છોટાઉદેપુરમાં આદિવાસી નેતાઓ વચ્ચે વાક્યુદ્ધ જામ્યું છે. છોટાઉદેપુરના પૂર્વ સાંસદ અને ટ્રાઈફેડના ચેરમેન રામસિંગ રાઠવા અને કોંગ્રેસના નેતા અર્જુન રાઠવા વચ્ચે ખટરાગ છે. અર્જુન રાઠવાએ સોશિયલ મીડિયા પર રામસિંગ રાઠવા પર આરોપ કર્યા છે. જ્યાં ટ્રાઈફેડ મામલે અર્જુન રાઠવાએ સવાલ ઉઠાવ્યા હતા. જાહેર મંચ પરથી રામસિંગ રાઠવાએ કહ્યું કે, અર્જુન રાઠવાની માહિતી ગેરમાર્ગે દોરનારી છે. આ સાથે જ ખોટી માહિતી બદલ લીગલ એક્શન લેવાના રામસિંહ રાઠવાએ વાત કરી છે. આમ, ટ્રાઈફેડના ચેરમેન રામસિંગ રાઠવા અને કોંગ્રેસી નેતા અર્જુન રાઠવાની સોશિયલ મીડિયા યુધ્ધ હવે જાહેર મંચ પર આવી ચૂક્યું છે. તેજગઢ ખાતે ભાજપના સ્નેહ મિલન સમારોહમાં રામસિંગ રાઠવા દ્વારા અર્જુન રાઠવાનું નામ લીધા વિના તેઓ પર શાબ્દિક પ્રહારો કર્યા હતા. છોટાઉદેપુરના કોંગ્રેસી તેના અને ભાજપના ટ્રાઈફેડના ચેરમેનનું સોશિયલ મીડિયા યુદ્ધ જાહેર મંચ પર આવી પહોંચ્યું છે. કોંગ્રેસના અર્જુન રાઠવાએ સોશિયલ મીડિયા પર કરેલા સવાલોના જવાબ ટ્રાઈફેડના ચેરમેન રામસિંગ રાઠવા દ્વારા તેજગઢ ખાતે ભાજપના સ્નેહમિલનમાં જાહેર મંચ પરથી આપ્યા છે.

અગાઉ રામસિંગ રાઠવાએ અર્જુન રાઠવાને ખોટી માહિતી આપવા અંગે માહિતી આપવાનું બંધ કરવા જણાવ્યું હતું. ચેતવણીમાં લિગલ એક્શન લેવા માટે પણ રામસિંગ રાઠવા જણાવ્યું હતું. રામસિંગ રાઠવાએ તેમના શાબ્દિક પ્રહારમાં અર્જુન તેજગઢ ખાતે જાહેર મંચ પરથી અર્જુન રાઠવાનું નામ લીધા વિના કહ્યું કે, એમનું દિમાગ છે કે કેમ તે મને ખબર નથી ભગવાને આપ્યું જ હશે બાકી આવું કોય બોલે નહીં. રામસિંગ રાઠવાએ જાહેર મંચ પરથી કરેલા શાબ્દિક પ્રહારના જવાબમાં અર્જુન રાઠવાએ પ્રતિક્રિયા આપી હતી અને જણાવ્યુ હતું રામસિંગભાઈ ૨૭ વર્ષ સાંસદ રહી ચૂક્યા છે હાલ તેઓ રામસિંગ રાઠવાએ ભાજપના સ્નેહમિલન લોકોને નવા વર્ષની શુભેચ્છાઓ આપવાને બદલે માત્ર અર્જુન રાઠવાની ગાળો આપવામાં સમય પસાર કર્યો છે. રામસિંગ રાઠવાને ટ્રાઈફેડના ચેરમેન તરીકે જે કામ કરવાનું હતું. વન ધન વિકાસ કેન્દ્રો ગુજરાતમાં શરૂ કરવાના હતા તે કાર્ય નહીં મારા સવાલોના જવાબ આપતા નથી અને લોકોને ગુમરાહ કરી રહ્યાં છે. રામસિંગ રાઠવા ખૂબ અનુભવી નેતા છે તેમ છત્તા જાહેર મંચ પરથી ડરાવાની વાતો કરે નિગલ કાર્યવાહીની વાતો કરે છે. ગુજરાતમાં ટ્રેન્ડ ચાલી રહ્યો છે, જે બોલે એને દબાવાનો. ચૈતરભાઈનું શું કરી રહ્યા છે. હવે મને દબાવવા માંગો છો. છોટાઉદેપુરમાં જે વન વિકાસ નિગમનું કૌભાંડ બહાર આવ્યું છે, નકલી કચેરી બહાર આવી છે, ત્યારે રામસિંગભાઈને ગુસ્સો નથી આવ્યો. આદિવાસીને જાતિના દાખલ નથી મળતા તેનો ગુસ્સો નથી આવ્યો. જિલ્લાના પુલો ક્ષતિગ્રસ્ત છે તેનો ગુસ્સો નથી આવતો. રામસિંગભાઈને માત્ર લોકસભાની ટીકીટ જોઈએ છે અને ટીકીટ અર્જુનભાઈના આક્ષેપોના કારણે ઘોંચમાં પડી છે એવું મને લાગે છે એટલા માટે એ બોખલાઈ ગયા છે અને ગાળા ગાળી કારી રહ્યા છે.

### ગુજરાતને નવા પ્રોજેક્ટની ભેટ મળશે

## ડિસેમ્બરના અંત સુધીમાં ૪ ડ્રીમ પ્રોજેક્ટ ખુલ્લા મૂકાશે

**દ્વારકાનો સિગ્નેચર બ્રિજ, સુરત ડાયમંડ બુર્સ ડિસેમ્બર મહિનામાં ખુલ્લુ મૂકાશે**

અમદાવાદ, તા.૨૧

● ગુજરાતને આગામી ડિસેમ્બર માસ સુધીમાં નવા ૪ ડ્રીમ પ્રોજેક્ટની ભેટ મળી શકે છે. વાત જાણે એમ છે કે, રાજ્યમાં ૪ મુખ્ય પ્રોજેક્ટ પૂર્ણ થવાના આરે છે. જેમાં દ્વારકાનો સિગ્નેચર બ્રિજ, સુરત ડાયમંડ બુર્સ, સાબરમતી મલ્ટી મોડલ ટ્રાન્સપોર્ટ હબ અને રાજકોટ એઈમ્સ લગભગ તૈયાર છે. હવે આ ચારેય પ્રોજેક્ટ આગામી ડિસેમ્બર મહિનાના અંત સુધીમાં ખુલ્લા મૂકવામાં આવે તેવી સંભાવના છે.

● દ્વારકાનો સિગ્નેચર બ્રિજ

ઓખા બેટ દ્વારકા સિગ્નેચર બ્રિજ લગભગ તૈયાર થઈ ગયો છે. મહત્વનું છે કે, અત્યાર સુધી બેટ દ્વારકા જવા માટે દર્શનાર્થીઓને હોડીમાં બેસીને જવું પડતું હતું. જોકે હવે કરોડોના ખર્ચે આ બ્રિજનું નિર્માણ થતાં લોકો આ બ્રિજથી કાર કે અન્ય વાહનો લઈને બેટ દ્વારકા પહોંચી શકશે.

● ડાયમંડ નગરી ગણાતી સુરતમાં બનેલ ડાયમંડ બુર્સએ ન માત્ર સુરત પરંતુ આખા ગુજરાતની શાન બની રહેશે. વિગતો મુજબ અમેરિકાના ડિફેન્સ કાર્યાલય પેન્ટાગોન કરતાં ય આ ડાયમંડ બુર્સ એ મોટી ઈમારત છે. અહીં વિશ્વભરના હીરાના ખરીદદારો આવશે જેના પરિણામે આયાત-નિકાસ જ નહીં વેપારને પણ વેગ મળશે.

● સાબરમતી મલ્ટી મોડલ ટ્રાન્સપોર્ટ હબ.મેગા સિટી અમદાવાદમાં ૩૫૦ કરોડના ખર્ચે થયેલ થઈ રહેલ સાબરમતી મલ્ટી મોડલ ટ્રાન્સપોર્ટ હબને આખરી ઓપ અપાઈ રહ્યો છે. અહીં હોટલ-રેસ્ટોરન્ટ, મોલ અને ટેરેસ ગાર્ડન જેવી અનેક સુવિધાઓ છે. અહીંથી BRTS, મેટ્રો, રેલની મુસાફરી કરી શકાશે. આ સાથે ૧૨૦૦ વાહનો પાર્ક થઈ જાય તેવું પાર્કિંગ પણ બનાવાયું છે.

● રાજકોટ એઈમ્સનું કામ પૂર્ણતાના આરે. આ સાથે રાજકોટમાં તૈયાર થઈ રહેલ એઈમ્સનું કામ પણ હવે પૂર્ણ થવા આવ્યું છે. મહત્વનું છે કે, આ ચારેય મહત્વનના પ્રોજેક્ટનું ડિસેમ્બરના અંત સુધીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે લોકાર્પણ થઈ શકે છે.

### ભક્તો હવાઈ મુસાફરી કરી પુષ્પવર્ષા કરી શકે, તેવું આયોજન

## કષ્ટભંજન દાદાને હેલિકોપ્ટરથી પુષ્પવર્ષાનો અનોખો લ્હાવો

**ભક્તો સામાન્ય કિંમતથી હેલિકોપ્ટરમાં બેસી સાળંગપુર ધામની પ્રદક્ષિણા કરે છે**

બોટાદ, તા.૨૧

મહોત્સવમાં ભક્તો હવાઈ મુસાફરી કરી પુષ્પવર્ષા કરી શકે, તેવું આયોજન કરવામાં આવ્યું છે. ભક્તો સામાન્ય કિંમતથી હેલિકોપ્ટરમાં બેસી સાળંગપુર ધામની પ્રદક્ષિણા કરે છે. કિંગ ઓફ સાળંગપુરની પ્રતિમાના દર્શન કરી શકી છે અને પુષ્પવર્ષા પણ કરી શકે છે.

સાળંગપુર કષ્ટભંજન હનુમાનજી મંદિરે શતામૃત મહોત્સવ ઉજવાઈ રહ્યો છે. જેમાં અનોખું આયોજન થયું છે. મહોત્સવમાં ભક્તો હવાઈ મુસાફરી કરી પુષ્પવર્ષા કરી શકે, તેવું આયોજન કરવામાં આવ્યું છે. ભક્તો સામાન્ય કિંમતથી હેલિકોપ્ટરમાં બેસી સાળંગપુર ધામની પ્રદક્ષિણા કરે છે. કિંગ ઓફ સાળંગપુરની પ્રતિમાના દર્શન કરી શકી છે અને પુષ્પવર્ષા પણ કરી શકે છે.

હેલિકોપ્ટર મારફતે કિંગ ઓફ સાળંગપુરને પુષ્પવર્ષા કરતા ભક્તો પણ ખુશ થયા છે. શતામૃત સમારંભને લઈને મોટી સંખ્યામાં ભક્તો આવી રહ્યા છે. ત્યારે આ અનોખો લ્હાવો મળતા ભક્તોમાં ખુશી જોવા મળી. શતામૃત મહોત્સવમાં રાજ્ય સહિત દેશ અને વિદેશથી પણ લોકો આવ્યા છે. સોમવારના રોજ કિંગ ઓફ સાળંગપુર દાદાને અન્નકુટ ધરાવવામાં આવ્યો હતો.

### ફાઈનલ બાદ મોદી ટીમ ઈન્ડિયાને મળ્યા તેના વીડિયો વાયરલ

## નરેન્દ્ર મોદીએ જાડેજાને કહ્યું, બાપુ ઢીલા ન પડતાં

**તમે બધાએ તમારું સર્વ શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું છે, તમે લોકોએ ૧૦ માંથી ૧૦ ગેમ જીતી અહીં આવ્યા છો, આવું બધું રમતમાં થતું રહેઃમોદી**

અમદાવાદ,તા.૨૧

પીએમ મોદી કેપ્ટન રોહિત શર્મા, અનુભવી બેટ્સમેન વિરાટ કોહલી અને કોચ રાહુલ દ્રવિડ સહિત સમગ્ર ટીમને મળ્યા અને તેમને પ્રોત્સાહિત કર્યા. વડાપ્રધાને તમામ ખેલાડીઓને કહ્યું કે, તમે આખી ટુર્નામેન્ટમાં શાનદાર પ્રદર્શન કર્યું.

વડાપ્રધાને નાખુશ રોહિતને મળીને કહ્યું કે, હસો ભાઈ, દેશ તમને જોઈ રહ્યો છે. તમે તમારું શાનદાર પ્રદર્શન આપ્યું છે. ત્યારબાદ રોહિત શર્મા અને વિરાટ કોહલીએ પીએમ મોદીનો આભાર માન્યો હતો. પીએમમોદીએ જાડેજા સાથે ગુજરતીમાં વાત કરી હતી. તેમણે જાડેજાને સાંત્વના આપતા કહ્યું કે, બાપુ ઢીલા ના પડતા.....તમે બધાએ તમારું સર્વ શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું છે. તમે લોકોએ ૧૦ માંથી ૧૦ ગેમ જીતી અહીં આવ્યા છો. આવું બધું રમતમાં થતું રહે.

ભારતીય ટીમના સ્ટાર ઓલરાઉન્ડર રવિન્દ્ર જાડેજાએ પીએમ સાથે ડ્રેસિંગરૂમની તસવીર શેર કરી છે. તસવીર શેર કરતા જાડેજાએ લખ્યું, 'અમારી ટૂર્નામેન્ટ ઘણી સારી હતી, પરંતુ અમે ફાઇનલમાં હારી ગયા. આપણે બધા દુઃખી છીએ, પરંતુ આપણા દેશના લોકોનો સપોર્ટ આપણને આગળ લઈ જઈ રહ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ડ્રેસિંગરૂમમાં પહોંચ્યા હતા. તેમની મુલાકાત ખાસ અને ખૂબ જ પ્રેરણાદાયી હતી.'

### વર્લ્ડકપમાં પાકિસ્તાનના શરમજનક પરાજય બાદ ટીમમાં ફેરફાર

# પીસીબીએ ઉમર ગુલને ફાસ્ટ બોલિંગ કોચ, સઈદ અજમલને સ્પિન બોલિંગ કોચ બનાવ્યો

### બાબર આઝમની કેપ્ટનશીપ હેઠળ પાકિસ્તાની ટીમ વન-ડે વર્લ્ડકપ૨૦૨૩ની ૯માંથી ૫ મેચ હારી હતી, મોહમ્મદ હફીઝને ડાયરેક્ટર અને વહાબ રિયાઝનેને ચીફ સિલેક્ટર બનાવાયા

કરાંચી,તા.૨૧

પાકિસ્તાન ટીમના વન-ડે વર્લ્ડકપ૨૦૨૩માં શરમજનક પ્રદર્શન બાદ પાકિસ્તાન ટીમમાં ઘણાં મોટા ફેરફારો થયા છે.

વન-ડે વર્લ્ડક પ૨૦૨૩માંથી બહાર થવા બાદ જયારે પાકિસ્તાની ટીમ પોતાના વતન પરત ફરી હતી ત્યારે જ ટીમના કેપ્ટન બાબર આઝમે કેપ્ટનશીપ પદથી રાજીનામું આપી દીધું હતું. તે બાદ ફરી પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે ટીમમાં ફેરફારો કર્યા છે. પીસીબીએ ઉમર ગુલને ફાસ્ટ બોલિંગ કોચ બનાવ્યો છે. જયારે સઈદ અજમલને સ્પિન બોલિંગ કોચ બનાવવામાં આવ્યો છે.

બાબર આઝમની કેપ્ટનશીપ હેઠળ પાકિસ્તાની ટીમ વન-ડે વર્લ્ડકપ૨૦૨૩ની ૯માંથી ૫ મેચ હારી હતી. પાકિસ્તાન પહોંચતાની સાથે જ બાબર આઝમે ટીમના કેપ્ટન પદથી રાજીનામું આપી દીધું હતું. તે પછી મોહમ્મદ હફીઝને ડાયરેક્ટર અને વહાબ રિયાઝનેને ચીફ સિલેક્ટર બનાવવામાં આવ્યો હતો.

વન-ડે વર્લ્ડકપ૨૦૨૩માં નિષ્ફળતા બાદ પાકિસ્તાન ક્રિકેટમાં મોટા ફેરફારો

ટી૨૦આઈ કેપ્ટન - શાહીન આફ્રિદી
ટેસ્ટ કેપ્ટન - શાન મસૂદ
કોચ - મોહમ્મદ હફીઝ
ડાયરેક્ટર - મોહમ્મદ હફીઝ
ચીફ સિલેકટર - વહાબ રિયાઝ
ફાસ્ટ બોલિંગ કોચ - ઉમર ગુલ
સ્પિન બોલિંગ કોચ - સઈદ અજમલ

### ન્યૂયોર્કમાં એમી એવોર્ડ્સનું યોજાયો

# એકતા કપૂર ડિરેક્ટોરેટ એવોર્ડજીતનારી પ્રથમ ભારતીય મહિલા ફિલ્મ નિર્માતા

### વીર દાસ ને આ પહેલા વર્ષ ૨૦૨૧માં તેના કોમેડી શો 'ટુ ઈન્ડિયા' માટે એમી ઈન્ટરનેશનલ એવોર્ડ માટે નોમિનેટ કરવામાં આવ્યો હતો

ન્યૂયોર્ક, તા.૨૧

ન્યૂયોર્કમાં પ્રખ્યાત ઈન્ટરનેશનલ એમી એવોર્ડ્સનું આયોજન કરવામાં આવ્યું હતું. ઈન્ટરનેશનલ એમી એવોર્ડ્સ સૌથી પ્રતિષ્ઠિત સન્માનોમાંથી એક છે. આ એવોર્ડ સમારોહમાં આર્ટ અને એન્ટરટેનમેંટ ઈન્ડસ્ટ્રીના સેલેબ્સને ૧૪ જુદી-જુદી કેટેગરીમાં નોમિનેટ કરવામાં આવ્યા હતા. આ સન્માન સમારોહમાં ઓટીટીની દુનિયા પર પોતાના કન્ટેન્ટ દ્વારા રાજ કરનાર ઘણી મોટી હસ્તીઓએ ભાગ લીધો હતો. ટીવી ઈન્ડસ્ટ્રીની ક્વીન એકતા કપૂર અને કોમેડિયન વીર દાસને આ ઈન્ટરનેશનલ સમારોહમાં સન્માનિત કરવામાં આવ્યા હતા. એકતા કપૂર 'ડિરેક્ટોરેટ એવોર્ડ' જીતનાર પ્રથમ ભારતીય મહિલા ફિલ્મ નિર્માતા બની ગઈ છે.

વીર દાસ કોમેડિયનની સાથે સાથે એક્ટર અને સંગીતકાર પણ છે. તેણે આ સન્માન તેના કોમેડિયન સ્પેશિયલ 'વીર દાસઃ લેન્ડિંગ' માટે આપવામાં આવ્યો હતો. આ ફિલ્મમાં વીર દાસે ભારતીય-અમેરિકન સંસ્કૃતિના આંતરછેદને રાજકીય દ્રષ્ટિકોણથી બતાવવાનો પ્રયાસ કર્યો છે. આ ફિલ્મને વીર દાસે ડાયરેક્ટ કરી હતી. વીર દાસઃ લેન્ડિંગની સાથે ડેરી ગર્લ્સ સિઝન-૩ને પણ કોમેડી માટે એમી ઈન્ટરનેશનલ એવોર્ડ્સ આપવામાં આવ્યો છે.

વીર દાસ ને આ પહેલા વર્ષ ૨૦૨૧માં તેના કોમેડી શો 'ટુ ઈન્ડિયા' માટે એમી ઈન્ટરનેશનલ એવોર્ડ માટે નોમિનેટ કરવામાં આવ્યો હતો પરંતુ તે આએવોર્ડ જીતી શક્યો ન હતો. આ વર્ષે 'દિલ્હી ક્રાઈમ ૨' માટે એક્ટ્રેસ શેફાલી શાહ અને 'રોકેટ બોયઝ ૨' માટે એક્ટર જિમ સરબને પણ ઈન્ટરનેશનલ એમી એવોર્ડ્સ માટે નોમિનેટ કરવામાં આવ્યા હતા.

### ઓસ્ટ્રેલિયા સામેની પરાજયથી ભારતીય ક્રિકેટફેન્સ નિરાશ

# હારને જીવનભર સાથે ન રખાય, ખેલાડીએ આગળ વધવું પડે : કપિલ દેવ

### જે થયું તે બદલી શકાતું નથી, સખત મહેનત કરતા રહો, એક ખેલાડી હોવાનો આ જ અર્થ છેઃ વર્લ્ડકપ વિજેતા ભારતીય ટીમના પૂર્વ સુકાની

નવી દિલ્હી,તા.૨૧

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે રમાયેલી વન-ડે વર્લ્ડકપ૨૦૨૩ની ફાઈનલ મેચમાં ભારતીય ટીમને હારનો સામનો કરવો પડ્યો હતો. આ હાર બાદ ભારતીય ટીમની સાથે સાથે તેમના ફેન્સ પણ ખુબ નિરાશ થયા હતા. નિરાશ ભારતીય ટીમને પૂર્વ કેપ્ટન અને ૧૯૮૩ વર્લ્ડકપ વિજેતા કપિલ દેવે સાંત્વના આવી હતી. તેમણે કહ્યું હતું કે હાર બાદ પોતાની ભૂલથી શીખીને આગળ વધવાનો સમય છે.

કપિલ દેવથી પૂછવામાં આવ્યું હતું કે હાર બાદ ખેલાડીઓ દુખી છે. તમે તેમને શું કહેશો ? જેના જવાબમાં તેમણે કહ્યું હતું કે, 'ખેલાડીઓએ આગળ વધવું પડશે. જો તમને હારનો સામનો કરવો પડ્યો હોય તો તેને જીવનભર તમારી સાથે રાખો એવું ન કરવું જોઈએ. ખેલાડીએ આગળ વધવું પડશે. જે થયું તે બદલી શકાતું નથી. સખત મહેનત કરતા રહો. એક ખેલાડી હોવાનો આ જ અર્થ છે. તેઓએ ખરેખર સારું ક્રિકેટ રમ્યું હતું. હા, તેઓ છેલ્લી અડચણ પાર કરી શક્યા ન હતા. આપણે આ ભૂલમાંથી શું શીખી શકીએ તેના પર ધ્યાન આપવું છે.'

કપિલ દેવ વન-ડે વર્લ્ડકપ૨૦૨૩ની ફાઈનલ દરમિયાન સ્ટેડિયમમાં હાજર ન હતા. આ અંગે તેમણે હાલમાં જ કહ્યું હતું કે તેમણે ફાઈનલ માટે આમંત્રિત જ કરવામાં ન આવ્યો હતો. કપિલ દેવ ૧૯૮૩ની વર્લ્ડ કપ વિજેતા ભારતીય ટીમના તમામ સભ્યો સાથે સ્ટેડિયમમાં જોવા ઈચ્છતા હતા. પરંતુ તેમને બોલાવવામાં આવ્યા ન હતા.

### ઈઝરાયેલ અને હમાસના યુધ્ધને શાંત કરવાનો પ્રયાસ

# યુદ્ધવિરામના વિચારને ભારતે માનવહિતમાં આવકાર્યું

વોશિંગ્ટન, તા.૨૧

ઈઝરાયેલ-હમાસ વચ્ચે લાંબા સમયથી ચાલી રહેલા તણાવના કારણે અનેક લોકોએ જીવ ગુમાવ્યા છે. જેના કારણે અનેક દેશો અને વૈશ્વિક અજેન્સી દ્વારા યુદ્ધવિરામની માંગ ઉઠી છે એવામાં ભારત દ્વારા માનવીયહિત માટે આ યુદ્ધવિરામના વિચારનું સ્વાગત કરવામાં આવ્યું છે.

યુએનમાં ભારતના સ્થાયી પ્રતિનિધિ રાજદૂત રૂચિરા કંબોજે ગાઝા પટ્ટીમાં સર્જાયેલ તણાવમાં માનવતાવાદી પરિસ્થિતિના ઉલ્લંઘન પર યુએન જનરલ એસેમ્બલીની બેઠકમાં જણાવ્યું કે, ભારતીય નેતૃત્વનો સંદેશ સ્પષ્ટ અને તાર્કિક છે. ભારત આંતરરાષ્ટ્રીય સમુદાયના માનવહિત માટેના તમામ પગલાને આવકારે છે જે યુદ્ધવિરામ અથવા સંઘર્ષને ઘટાડવા અને પેલેસ્ટાઈનના લોકોને માનવતાવાદી સહાય તાત્કાલિક પ્રદાન કરવા માગે છે.

તેમણે કહ્યું કે, અમે તમામ પ્રકારની આંતકી ગતિવિધિઓની સખત વિરોધમાં છીએ. અમે સ્પષ્ટપણે હિંસા વિરુદ્ધ પણ છીએ. આંતરરાષ્ટ્રીય માનવતાવાદી કાયદાનું પાલન કરવા, વધુ ઉશ્રતિ અટકાવવા, માનવતાવાદી સહાયનો પ્રવાહ ચાલુ રાખવા, તમામ બંધકોને શરત વગર મુક્તિ કરવા માટે અને તમામ પક્ષોને શાંતિ અને સ્થિરતાની વહેલી પુનઃસ્થાપના તરફ કામ કરવા માટેના વિચાર માટે હાકલ કરીએ છીએ.

### વિશ્વભરમાં અનેક સ્થળે સતત ભૂકંપના આંચકા

# અફઘાનિસ્તાનમાં ૪.૧ની તીવ્રતાના ભૂકંપથી ભયનો માહોલ

### હજુ સુધી કોઈ જાનમાલને નુકસાન થયાના અહેવાલ નથી

કાબુલ, તા.૨૧

અફઘાનિસ્તાનમાં ફરી એક વખત મોડી રાત્રે ભૂકંપના જોરદાર આંચકા અનુભવાયા હતા. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજીએ આપેલી માહિતી પ્રમાણે અફઘાનિસ્તાનમાં ૪.૧ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. જોરદાર ભૂકંપના આંચકાના કારણે લોકોમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો. જોકે મળતી માહિતી અનુસાર હજુ સુધી કોઈ જાનમાલને નુકશાન થયાના અહેવાલ નથી.

ઓક્ટોબરની શરૂઆતમાં જ અફઘાનિસ્તાનમાં એક પછી એક આવેલા અનેક ભૂકંપના આંચકાને પગલે મોટી જાનહાનિ થઈ હતી અને આશરે ૪૦૦૦થી વધુ લોકોએ જીવ ગુમાવી દીધા હતા. તે જ સમયે, ૯,૦૦૦ થી વધુ ઘાયલ થયા હતા. આ દરમિયાન લાખોની સંખ્યામાં લોકો બેઘર પણ થઈ ગયા હતા. આખે આખા શહેર કાટમાળમાં ફેરવાઈ ગયા હતા. આ ભૂકંપ ૬.૩ની તીવ્રતાનો હતો જે બે દાયકામાં દેશમાં આવેલા સૌથી વિનાશક ભૂકંપ પૈકીનો એક સાબિત થયો.પૃથ્વીની અંદર કુલ સાત પ્લેટ છે. જે હંમેશા કાર્ય કરતી રહે છે. જ્યાં આ પ્લેટ્સ એકબીજા સાથે અથડાઈ છે તેને ફોલ્ટ ઝોન કહેવામાં આવે છે. જ્યારે આ પ્લેટો અથડાય છે, ત્યારે ઊર્જા બહાર નીકળવાનો પ્રયત્ન કરે છે. આ પ્લેટની હિલચાલ ભૂકંપ બની જાય છે. ભૂકંપનું કેન્દ્ર સપાટીથી જેટલું નજીક હોય તેટલી વધુ તબાહી સર્જાતી હોય છે.

જો ભૂકંપની તીવ્રતા ૦ થી ૧.૯ રિક્ટર હોય તો તેનો અનુભવ થતો નથી. તેની જાણકારી સિસ્મોગ્રાફ દ્વારા મેળવવામાં આવે છે. બીજી તરફ ૨ થી ૨.૯ રિક્ટર પર હળવી ધ્રુજારી અનુભવાય છે. આ સિવાય તેની તીવ્રતા જો ૩ થી ૩.૯ હોય તો થોડા વધારે આંચકા અનુભવાય છે. આ ઉપરાંત ૪ થી ૪.૯ રિક્ટર હોય તો બારીઓ તૂટી શકે છે જ્યારે ૫ થી ૫.૯ રિક્ટર પર સામાન અને પંખા હલવા લાગે છે. જ્યારે ભૂકંપની તીવ્રતા ૬ થી ૬.૯ હોય ત્યારે ઘરના પાયામાં તિરાડો પડી શકે છે અને જ્યારે તેની તીવ્રતા ૭ થી ૭.૯ સુધી પહોંચે છે ત્યારે મકાનો પડી જાય છે અને ઘણો વિનાશ થઈ શકે છે. અને જો ૮ થી ૮.૯ની તીવ્રતાનો ભૂકંપ આવે તો સુનામીનો ભય પણ રહે છે. જો ભૂકંપની તીવ્રતા ૯ હોય તો ત્યારે પૃથ્વી હલતી હોય તેવી નજર આવે છે.

### રામલલા શહેરમાં જય શ્રી રામના નારા ગુંજી ઊઠ્યા

# અયોધ્યાની ૧૪ કોસી પરિક્રમામાં શ્રદ્ધાનું પૂર ઉમટ્યું

### ભક્તોએ પરિક્રમાના પ્રારંભિક બિંદુ, નાકા મુઝફ્ફર ખાતે સ્થિત હનુમાનગઢી મંદિરની માટી તેમના કપાળ પર લગાવીને પરિક્રમાનો પ્રારંભ કર્યો

અયોધ્યા,તા.૨૧

રાજા રામની નગરીમાં ૧૪ કોસી પરિક્રમાની શરૂઆત બપોરે ૨:૦૯ વાગ્યે જય શ્રી રામના નારા સાથે થઈ હતી. ભક્તોએ પરિક્રમાના પ્રારંભિક બિંદુ, નાકા મુઝફ્ફર ખાતે સ્થિત હનુમાનગઢી મંદિરની માટી તેમના કપાળ પર લગાવીને પરિક્રમાનો પ્રારંભ કર્યો હતો. માથે આસ્થાના પોટલા લઈને ઉઘાડપગું ભક્તોનું પૂર પરિક્રમા રૂટ પર જોવા મળ્યું હતું.

લાખોની ભીડનો અંદાજ હતો અને મેળાની સુરક્ષા અને વ્યવસ્થા માટે વહીવટીતંત્ર સંપૂર્ણપણે સતર્ક રહ્યું હતું. પરિક્રમા રૂટ પર ડ્રોન કેમેરાથી નજર રાખવામાં આવશે. મહત્વપૂર્ણ સ્થળોએ દરેક વ્યક્તિ સીસીટીવી કેમેરાની દેખરેખ હેઠળ રહી હતી. ડીએમ નીતિશ કુમારના જણાવ્યા અનુસાર, શ્રદ્ધાળુઓ ખુલ્લા પગે પરિક્રમા કરશે , તેથી પરિક્રમા રૂટ પર વિવિધ સ્થળોએ રેતી ઉમેરીને તેને આરામદાયક બનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

સોમવારનો દિવસ નજીક આવતા જ હરિભક્તોનો આનંદ છલકાવા લાગ્યો હતો. કેટલાક લોકો પહેલાથી જ ગુપ્તાઘાટ , લક્ષ્મણઘાટ , સંત તુલસીદાસઘાટ , સૂર્યકુંડ , ગિરિજાકુંડ , રામનગરીની પરિઘ પર આવેલા નાકા હનુમાનગઢી જેવા સ્થળોએ રોકાઈ ગયા છે , જ્યાંથી પરિક્રમા શરૂ થાય છે , જ્યારે રામનગરીને જોડતા વિવિધ માર્ગો જેમાં હોટલ , ધર્મશાળાઓ , મંદિરો અને હુલામણાનો સમાવેશ થાય છે. જાહેર સ્થળો , રેલ્વે અને બસ સ્ટેશનથી પરિક્રમાને લગતી ખળભળાટ પણ ટોચ તરફ છે. નગરી બનાવવાની શક્યતાઓ વચ્ચે પરિક્રમાર્થીઓનો આનંદ અગાઉના સમયથી સાતમા આસમાને છે . ૨૧મી નવેમ્બરના રોજ બપોરે ૨:૦૯ વાગ્યાથી શરૂ થયેલી ૧૪ કોસી પરિક્રમાનો શુભ સમય મંગળવારે રાત્રે ૧૧:૩૮ વાગ્યા સુધીનો છે. એટલે કે મંગળવારની મધ્યરાત્રિ સુધી આખા દિવસથી યાત્રિકોની આસ્થા સાથે રામનગરીનો અભિષેક થશે. રામભક્તોની ખાસ કાળજી રાખતી સરકારે મેળાની તૈયારી માટે વહીવટીતંત્રને વિશેષ સૂચના આપી હતી. વહીવટીતંત્ર સુરક્ષા , સ્વચ્છતા અને મૂળભૂત સંસાધનો પણ પ્રદાન કરી રહ્યું છે . જિલ્લા વહીવટીતંત્રનો દાવો છે કે શ્રદ્ધાળુઓની સુવિધા માટે સંપૂર્ણ કાળજી રાખવામાં આવી રહી છે.

૧૪ કોસી પરિક્રમા દરમિયાન ભક્તોએ કોઈપણ પ્રકારની તકલીફનો સામનો કરવો ન જોઈએ. તેમના સ્વાસ્થ્ય અને સલામતી અને સ્વચ્છતા માટે યોગ્ય વ્યવસ્થાઓ સાથે યોગી સરકારનું આના પર વિશેષ ધ્યાન છે . સરકારના ઈરાદા મુજબ વહીવટીતંત્ર સંપૂર્ણપણે તૈયાર છે. ૧૪ કોસી પરિક્રમા અયોધ્યામાં મંગળવારે રાત્રે ૨:૦૦ વાગ્યાથી શરૂ થઈ હતી અને ૨૧મી નવેમ્બરે રાત્રે ૧૧:૩૮ વાગ્યા સુધી ચાલશે . લાખો ભક્તો અહીં પહોંચે છે અને રામનામ સંકીર્તન અને લોકગીતો સાથે પરિક્રમા કરે છે. ડ્રોન કેમેરાની દેખરેખ હેઠળ કડક સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી છે. પરિક્રમા એટીએસની દેખરેખ હેઠળ શરૂ થશે.ખાસ કરીને ગીચ સ્થળોએ પરિક્રમા પથ પર સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.સમગ્ર માર્ગ પર વિવિધ સ્થળોએ પોલીસની સાથે સુરક્ષા દળો તૈનાત રહેશે.પથ પર લાઈટિંગની વ્યવસ્થા કરવામાં આવશે. સમગ્ર પરિક્રમા માર્ગ પર સંસ્થાઓના કેમ્પ હશે.ચા-નાસ્તાની સાથે અલ્પાહારની પણ વ્યવસ્થા હશે.તમે ઈચ્છો તો તેનું સેવન કરી શકો છો.

### વિદેશી રોકાણકારોની ખરીદીને કારણે શેરબજારમાં ઉછાળો

# સેન્સેક્સમાં ૨૬૬ અને નિફ્ટીમાં ૮૮ પોઈન્ટનો ઊછાળો જોવા મળ્યો

### એસબીઆઈ લાઈફ, એચડીએફસી લાઈફ, અદાણી એન્ટરપ્રાઈઝ અને જેએસડબલ્યુ સ્ટીલના શેરમાં વધારો, કોલ ઈન્ડિયા લિમિટેડ, ઓએનજીસી, બીપીસીએલ અને એલટીઆઈ માઇન્ડ ટ્રીના શેરમાં ઘટાડો

નવી દિલ્હી,તા.૨૧

શેરબજારનો કારોબાર મંગળવારે ઊછાળા સાથે બંધ થયો. બીએસઈસેન્સેક્સ ૨૬૬ પોઈન્ટ વધીને ૬૫૯૨૧ પોઈન્ટ પર બંધ થયો હતો જ્યારે નિફ્ટી ૮૮ પોઈન્ટ વધીને ૧૯૭૮૨ પોઈન્ટની સપાટીએ બંધ રહ્યો હતો. મંગળવારે, નિફ્ટી મિડકેપ ૧૦૦ અને બીએસઈ સ્મોલ કેપમાં નજીવો વધારો નોંધાયો હતો, જ્યારે નિફ્ટી આઈટી થોડી નબળાઈ પર બંધ થયો હતો, નિફ્ટી બેંકમાં પણ નજીવો વધારો નોંધાયો હતો.

વિદેશી રોકાણકારોની ખરીદીને કારણે મંગળવારે શેરબજારમાં ઉછાળો નોંધાયો હતો. જોકે, શેરબજારના નિષ્ણાતોનું કહેવું છે કે વિદેશી રોકાણકારોની ઉદાસીનતાના કારણે બજારમાં કરેક્શન જોવા મળી શકે છે. શેરબજારના ટોપ ગેઈનર્સ વિશે વાત કરીએ તો, એસબીઆઈ લાઈફ, એચડીએફસી લાઈફ, અદાણી એન્ટરપ્રાઈઝ અને જેએસડબલ્યુ સ્ટીલના શેરમાં વધારો નોંધાયો હતો જ્યારે કોલ ઈન્ડિયા લિમિટેડ, ઓએનજીસી, બીપીસીએલ અને એલટીઆઈ માઇન્ડ ટ્રીના શેરમાં નબળાઈ નોંધાઈ હતી.

મંગળવારે શેરબજારના ટ્રેડિંગના બંધ સમયે, બીએસઈસેન્સેક્સ ૩૦૦ પોઈન્ટના વધારા સાથે ટ્રેડ કરી રહ્યો હતો જ્યારે નિફ્ટી ૧૯૮૦૦ના સ્તરની આસપાસ ટ્રેડ કરી રહ્યો હતો. ટાટા ટેકનો આઈપીઓ બુધવારે ખુલવા જઈ રહ્યો છે અને ઘણા બ્રોકરેજોએ ટાટા ટેકના આઈપીઓ સબસ્ક્રાઈબ કરવાની સલાહ આપી છે.આનંદ રાઠી વેલ્થ, ચોલામંડલમ ઈન્વેસ્ટમેન્ટ, આઈઆઈએફએલફાઈનાન્સ, મેસ ફાઈનાન્સિયલ સર્વિસિસ, ઈન્ડિયાબુલ્સ હાઉસિંગ ફાઈનાન્સ, પીએનબીહાઉસિંગ ફાઈનાન્સ, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા ફાઈનાન્સિયલ સર્વિસિસ, ધાની સર્વિસિસ અને મન્નાપુરમ ફાઈનાન્સમાં મંગળવારના વેપારમાં નબળાઈ જોવા મળી હતી.

મન્નાપુરમ ફાઈનાન્સને પાછળ છોડીને નોન-બેંકિંગ ફાઈનાન્સિયલ કંપની IIFL ફાઈનાન્સ દેશની બીજી સૌથી મોટી ગોલ્ડ લોન પ્રોવાઈડર કંપની બની છે. કંપનીનો ગોલ્ડ લોન પોર્ટફોલિયો રૂ. ૨૩૬૯૦ કરોડને પાર કરી ગયો છે. મન્નાપુરમ ફાઈનાન્સનો ગોલ્ડ લોન પોર્ટફોલિયો રૂ. ૨૦૮૦૯ કરોડનો છે.

શેરબજારમાં મલ્ટિબેગર રિટર્ન આપતા શેરો વિશે વાત કરીએ તો, પટેલ એન્જિનિયરિંગ, જિયો ફાઈનાન્શિયલ, ઓમ ઈન્ફ્રા, દેવયાની ઈન્ટરનેશનલ, એક્સાઈડ ઈન્ડસ્ટ્રીઝ, ટાટા મોટર્સ અને મહિન્દ્રા એન્ડ મહિન્દ્રાના શેરમાં વધારો નોંધાયો હતો જ્યારે યુનિપાર્ટ્સ ઈન્ડિયા લિમિટેડ, કામધેનુ લિમિટેડ, સ્ટોવ ક્રાફ્ટ. અને ગતિ લિમિટેડના શેરમાં નબળાઈ નોંધાઈ હતી. ગૌતમ અદાણી ગ્રૂપની નવ લિસ્ટેડ કંપનીઓમાંથી ૬ના શેરમાં મંગળવારે વધારો નોંધાયો હતો, જ્યારે અદાણી ગ્રીન, અંબુજા સિમેન્ટ અને અદાણી પોર્ટ્સના શેરમાં નબળાઈ નોંધાઈ હતી.

### બ્રિટનના વડાપ્રધાનના સિનિયર એડવાઈઝરના ગંભીર આક્ષેપ

# સુનકે કોરોના કાળમાં કહ્યું હતું, લોકડાઉન કરતાં અમુક લોકોને મરવા દેવાં સારા

### પૂર્વ ચીફ સાઈન્ટિફિક એડવાઈઝર પૈટ્રિક વાલેંસે પોતાની ડાયરીમાં સુનકની આ નિવેદનની નોંધ કરી છે, વાલેંસે ડોમિનિક કમિન્સને ટાંકીને આ વાત કહી છે

લંડન,તા.૨૧

બ્રિટનના વડાપ્રધાન ઋષિ સુનકના સીનિયર એડવાઈઝર ડોમિનિક કમિન્સે પીએમ સામે ગંભીર આક્ષેપ કરી મોટો દાવો કર્યો હોવાનો રિપોર્ટ સામે આવ્યો છે. ઋષિ સુનકનું 'કોરોના કાળમાં લોકોને મરવા દેવા' અંગેનું નિવેદન સામે આવ્યા બાદ બ્રિટનમાં વિવાદ શરૂ થઈ ગયો છે. સુનકનું ૩ વર્ષ જુનું નિવેદન હવે સામે આવ્યા બાદ રાજકીય હોબાળો શરૂ થઈ ગયો છે. પૂર્વ ચીફ સાઈન્ટિફિક એડવાઈઝરે સુનકના સીનિયર એડવાઈઝરને ટાંકીને મીડિયા રિપોર્ટમાં મોટો દાવો કર્યો છે, જેમાં કહેવાયું છે કે, કોરોના મહામારી દરમિયાન ઋષિ સુનકે કહ્યું હતું કે, 'લૉકડાઉન કરતાં અમુક લોકોને મરવા દેવાં સારા'.

મીડિયા રિપોર્ટ મુજબ પૂર્વ ચીફ સાઈન્ટિફિક એડવાઈઝર પૈટ્રિક વાલેંસે પોતાની ડાયરીમાં સુનકની આ નિવેદનની નોંધ કરી છે. વાલેંસે ડોમિનિક કમિન્સને ટાંકીને આ વાત કહી છે. વાસ્તવમાં કોરોના મામલે યોજાયેલી બેઠકમાં કમિન્સે પૂછ્યું કે, રાષ્ટ્રીય સ્તરે લોકડાઉન લગાવવું જોઈએ કે નહીં ? જેના પર સુનકે કહ્યું હતું કે, લૉકડાઉન લગાવ્યા કરતા સારુ એ છે કે, કેટલાક લોકોને મરવા દો.

વાલેંસે ૪ મે-૨૦૨૦ના રોજ યોજાયેલી બેઠકનો ઉલ્લેખ કર્યો છે. ઋષિ સુનકે જ્યારે આ નિવેદન આપ્યું હતું, ત્યારે વાલેંસ ચાન્સેલર હતા. વાલેંસે સુનક અંગે ચોંકાવનારો ખુલાસો કર્યા બાદ બ્રિટનમાં રાજકીય ધમાસાણ મચ્યું છે. આ અંગે સુનકના પ્રવક્તાએ કહ્યું કે, પુરાવા સામે આવ્યા બાદ વડાપ્રધાન નિવેદન આપશે. ઉલ્લેખનિય છે કે, બ્રિટનમાં કોરોનામાં ૨.૨૦ લાખથી વધુના મોત થયા હતા.

જાન્યુઆરી-૨૦૧૯ બાદ કોરોનાએ વિશ્વભરમાં કહેર વરસાવ્યો હતો. આ વૈશ્વિક મહામારીના કારણે વિશ્વભરમાં કરોડો લોકોના મોત થયા હતા અને ઘણા દેશોમાં લાંબા સમય સુધી લોકડાઉન રહેતા લોકો પોતાના ઘરમાં કેદ રહ્યા હતા. જ્યારે ભારતમાં ૧૮ ફેબ્રુઆરી-૨૦૨૦ના રોજ કોરોના પ્રથમ કેસ સામે આવ્યો હતો. ભારતમાં કોરોનાથી લગભગ ૪૭ લાખથી વધુના મોત થયા હતા.

### યુવાનોમાં વધેલા હાર્ટએટેક મામલે આઈસીએમઆરનો

# લાઈફસ્ટાઈલમાં ફેરફારોએ અચાનક થનારા મૃત્યુની સંભાવનાને વધારી

### વેક્સિનના કારણે અચાનક થનારા મૃત્યુ સાથે કોઈ સંબંધ નથી, જો કોઈએ વેક્સિનનો એક ડોઝ લીધો છે તો કોરોનાને કારણે મૃત્યુનું જોખમ ઓછું થઈ જાય છે

નવી દિલ્હી,તા.૨૧

કોવિડ-૧૯ મહામારી બાદ સરકારે લોકોના જીવ બચાવવા માટે મોટા પાયે વેક્સિનેશન અભિયાન ચલાવ્યુ હતું. દેશમાં લોકોને વેક્સિનના ૨ અરબથી વધુ ડોઝ આપવામાં આવ્યા હતા. પરંતુ છેલ્લા એકથી દોઢ વર્ષની અંદર દેશમાં યુવાઓમાં હાર્ટ એટેકથી મોતના કિસ્સામાં સતત વધારો થઈ રહ્યો છે. આવી સ્થિતિમાં એ ચર્ચાએ જોર પકડ્યું છે કે, ક્યાંક આની પાછળનું કારણ વેક્સિન તો નથી ને. જોકે, હવે આઈસીએમઆરએ તેનો જવાબ આપ્યો છે.

આઈસીએમઆરએ તાજેતરમાં એક સ્ટડી કરી છે. તેમાં આ સવાલનો જવાબ શોધવામાં આવ્યો કે, શું કોવિડ વેક્સિન અને અચાનક થઈ રહેલા મોત વચ્ચે કોઈ સબંધ છે? પોતાની સ્ટડી દ્વારા આઈસીએમઆરએ જણાવ્યું કે, ભારતમાં કોવિડ-૧૯ વેક્સિનના કારણે યુવાઓમાં અચાનક મૃત્યુનું જોખમ નથી વધ્યું. આ સ્ટડીમાં કહેવામાં આવ્યું છે કે, કોવિડ-૧૯ દરમિયાન હોસ્પિટલમાં દાખલ થવું, પરિવારમાં અચાનક મોત થવાના જૂના કેસ અને લાઈફસ્ટાઈલમાં થયેલા ફેરફારોએ અચાનક થનારા મૃત્યુની સંભાવનાને વધારી દીધી છે.

આઈસીએમઆરસ્ટડીમાં જણાવ્યું છે કે, વેક્સિનના કારણે અચાનક થનારા મૃત્યુ સાથે કોઈ સંબંધ નથી. તેમાં જણાવવામાં આવ્યું છે કે, જો કોઈએ વેક્સિનનો ઓછામાં ઓછો એક ડોઝ લીધો છે તો કોરોનાવાયરસને કારણે મૃત્યુનું જોખમ ઓછું થઈ જાય છે.

સ્ટડીમાં જણાવ્યું કે કોવિડને કારણે હોસ્પિટલમાં દાખલ થવાનો ઈતિહાસ, અચાનક મૃત્યુનો પારિવારિક ઈતિહાસ, મૃત્યુ પહેલા ૪૮ કલાક સુધી દારૂ પીવો, ડ્રગ્સનું સેવન કરવું અથવા મૃત્યુના ૪૮ કલાક પહેલા જબરદસ્ત એક્સરસાઈઝ કરવી. આમ આવા કેટલાક ફેક્ટર્સ છે જેના કારણે અચાનક મોતનું જોખમ વધી ગયુ છે.

આઈસીએમઆરદ્વારા આ સ્ટડી ૧ ઓક્ટોબર ૨૦૨૧ થી લઈને ૩૧ માર્ચ ૨૦૨૩ સુધી કરવામાં આવી હતી. તેમાં દેશભરની ૪૭ હોસ્પિટલોને સામેલ કરવામાં આવી હતી. સ્ટડી માટે ૧૮ થી ૪૫ વર્ષની ઉંમરના એ લોકોને સામેલ કરવામાં આવ્યા હતા જેઓ સ્પષ્ટરૂપે એકદમ સ્વસ્થ હતા. તેમાંથી કોઈ પણ કોઈ જૂની બીમારીનો સામનો નહોતું કરી રહ્યું. સ્ટડીમાં જાણવા મળ્યું કે વેક્સિનના બે ડોઝ લેનારા લોકોમાં અચાનક મૃત્યુનું જોખમ ઘણું ઓછું હતું.

# દુધાળા ખાતે આયોજિત ''જળ ઉત્સવ''ની પૂ. ભાઈજી અને કેન્દ્રીય મંત્રી રૂપાલાએ મુલાકાત લીધી





ગુજરાત સરકાર અને ધોળકિયા ફાઉન્ડેશનનાં સંયુકત ઉપક્રમે ગુજરાતનો પ્રથમ જળ ઉત્સવ ખુબ જ ભવ્ય રીતે આયોજીત થયો છે. ત્યારે પદ્મશ્રી સવજીભાઈ ધોળકિયાનાં પ્રેમાગ્રહનાં કારણે રમેશભાઈ ઓઝા જળ ઉત્સવની ઉજવણીમાં જોડાયા હતાં. આ તકે ઓઝાએ જણાવેલ કે સામાન્ય રીતે સૌ તરસ્યા લોકોને પાણી પાવા માટે પરબ બંધાવતા હોય છે. પરંતુ સવજીભાઈએ તો તરસી ધરતી માતાને પાણી પાવાનું કામ કર્યુ છે. આ તકે કેન્દ્રીય મંત્રી રૂપાલાએ અમરેલીનાં દુધાળા ખાતે રાજય સરકાર તથા ધોળકિયા ફાઉન્ડેશન દ્વારા દસ દિવસ માટે આયોજિત જળ ઉત્સવ કાર્યક્રમની મુલાકાત લઈ, પ્રવાસનની તકો તથા જળ સંરક્ષણની કામગીરીને સાર્થકતા આપતા આ ઉત્તમ આયોજનને નિહાળ્યું. આ કાર્યક્રમ અંતર્ગતનાં સાંસ્કૃતિક કાર્યક્રમો, વોટર સ્પોર્ટ્સ, ટેન્ટ સીટી, ગાર્ડન્સ શો, હોર્સ શો, બર્ડ પાર્ક સહિતનાં આકર્ષણો પર્યટકોને મનોરંજન સહ અહીંનાં જળપ્લાવિત વિસ્તારોની રમણીયતાને ઉજાગર કરે છે. તેમ જણાવ્યું હતું.

## બાબરામાં ગોપાષ્ટમીનાં રોજ વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા ગૌ પૂજન કરાયું



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૨૧

બાબરામાં ગોપાષ્ટમીની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આજના પવિત્ર દિવસે વિશ્વ હિન્દુ પરિષદ તેમજ બજરંગ દળ દ્વારા ગૌશાળામાં ગાય માતાનું વિધિવિધાન સાથે પૂજન અર્ચન કરી આશીર્વાદ પ્રાપ્ત કરે છે.

ત્યારે બાબરામાં શ્રી હરિઓમ ગૌશાળા ખાતે વિશ્વ હિન્દુ પરિષદનાં અગ્રણી ગજેન્દ્રભાઈ શેખવા દ્વારા વિધિવિધાન સાથે ગાય માતાનું પૂજન અર્ચન કરી આશીર્વાદ મેળવ્યાં હતાં.

## પાના ૧ ઉપરનું ચાલું અમરેલીમાં આજે સાંજે મુખ્યમંત્રી

માર્ગીય બનાવવા માટે રાજય સરકાર દ્વારા રૂા. ૨૫ કરોડની માતબર રકમ મંજૂર કરવામાં આવી છે. આ નવો રસ્તો બનવાથી લાલાવદર ખાતે ભવિષ્યમાં નિર્માણ પામનાર જિલ્લા રમત ગમત સંકુલ તેમજ લીલીયા, ગારિયાધાર, પાલિતાણા વગેરે તાલુકાઓ ખાતે લોકોને અવર જવર માટે મદદ મળશે. ઉપરાંત એક સ્થળેથી અન્ય સ્થળે પહોંચવા માટેની રસ્તાની ઉત્તમ સુવિધા પ્રાપ્ત થશે તેમજ સમયની પણ બચત થશે. મુખ્યમંત્રીની ગરિમામય ઉપસ્થિતિમાં આ વિકાસકાર્યનું ખાતમુહૂર્ત થવાનું છે. મુખ્યમંત્રી ત્રિમંદિર ખાતે દર્શન કરશે અને સમારોહમાં ઉપસ્થિત રહેશે.

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

## પાના ૮ ઉપરનું ચાલું અમરેલીમાં સ્ટ્રીટલાઈટ અને સફાઈ

હરિરામબાપા ચોકની પણ મોટાભાગની સ્ટ્રીટલાઈટ બંધ જોવા મળી હતી.

શહેરનાં મહત્વનાં વિસ્તારોની સ્ટ્રીટલાઈટ બંધ હોય તો અન્ય વિસ્તારોમાં શું હાલત હશે તેની કલ્પના પણ કરવી મુશ્કેલ છે. પાલિકાની રોશની સમિતિનાં ચેરમેને શહેરની દરેક બંધ સ્ટ્રીટલાઈટ શરૂ કરવાનાં સક્ષ્ય સાથે નવા વર્ષે કામગીરી શરૂ કરવી જરૂરી બની છે.

તદુઉપરાંત શહેરમાં ચારે દિશાઓમાં ફેલાયેલી ગંદકીને દૂર કરવામાં પણ શાસકોની અણઆવડત સામે આવી રહી છે. શહેરનાં ચિતલ રોડ પર લાખો રૂપિયાનાં ખર્ચે બનેલ બ્યુટિફિકેશનમાં પણ દિવાળીનાં તહેવારોમાં સફાઈ કરવામાં ન આવી. બ્યુટિફિકેશનની દીવાલની પાછળ એરપોર્ટ હોય અને ત્યાં મહત્વનાં આગેવાનોની અવરજવર હોવા છતાં પણ સ્વચ્છતાનું કાર્ય થતું ન હોય તો સમજી શકાય કે અન્ય વિસ્તારમાં કેવી ગંભીર પરિસ્થિતિ હશે.

વહીવટી તંત્ર અને સરકારે "સ્વચ્છતા હી સેવા" જેવા અભિયાન અમરેલીમાં તો નિયમિત શરૂ કરવા પડશે તો કદાચ શહેર સ્વચ્છ અને સુંદર બની શકે. માત્ર ૧૫ દિવસનાં અભિયાનથી કોઈ ફાયદો થયો નથી અને થવાનો પણ નથી તે હકીકત છે.

## પાના ૮ ઉપરનું ચાલું સાવરકુંડલાનાં ત્રિકોણબાગનું સંચાલન

કરવા સમગ્ર અમરેલી જિલ્લામાં મોખરાનું સ્થાન ધરાવતી સંસ્થા શ્રી સૂર્યોદય કેળવણી અને સાંસ્કૃતિક મંડળ ટ્રસ્ટને સોંપવામાં આવ્યો છે. ખાસ નોંધનીય બાબત એ છે કે, છેલ્લી સાધારણ સભામાં નગરપાલિકા શ્રીમતી તૃપ્તિબેન રાજુભાઈ દોશી દ્વારા આ બાબતે રજૂ કરવામાં આવેલ ઠરાવને તમામે તમામ નગરસેવકો, ભાજપ તથા કોંગ્રેસ દ્વારા સર્વાનુમતે ખુબ જ ખુશી વ્યકત કરી પસાર કરવામાં આવ્યો હતો.

આ બાબતે વર્તમાન અધ્યક્ષ મેહુલભાઈ ત્રિવેદી, પૂર્વ પ્રમુખ રાજુભાઈ દોશી, નગરસેવક અજયભઈ ખુમાણ દ્વારા સંસ્થાનાં મેનેજિંગ ટ્રસ્ટી પ્રતાપભાઈ ખુમાણને ઠરાવની નકલ સોંપવામાં આવી હતી. આ બાબતની જાણકારી ધારાસભ્ય મહેશભાઈ કસવાલાને મળતા તેમણે આનંદ વ્યકત કરતાં જણાવ્યું હતું કે, આ ટ્રસ્ટ તો ખુબ સદ્ધર છે. તેમને હજી ઘણી મોટી જવાબદારી સોંપવામાં આવે તો ઘણું લોક ઉપયોગી કાર્ય કરવા માટે સક્ષમ છે. આ તબક્કે મેનેજિંગ ટ્રસ્ટી પ્રતાપભાઈ ખુમાણ દ્વારા જણાવાયું છે કે, સાવરકુંડલા નગરપાલિકાનાં તમામે તમામ ૩૬ નગરસેવકોએ અમારા ઉપર વિશ્વાસ મૂકયો અને ખાસ પૂર્વ પ્રમુખ તૃપ્તિબેન રાજુભાઈ દોશીએ આ બાબતે અંગત રસ લઈ, અમને જવાબદારી સોંપી તે બદલ ધન્યતા અનુભવીએ છીએ.

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૭૫ | ૧૪૮૧ |
| ૨ | મગફળી | ૧૧૩૨ | ૧૩૨૦ |
| ૩ | ચણા | ૧૧૬૧ | ૧૧૬૧ |
| ૪ | અડદ | ૧૭૧૧ | ૧૭૧૧ |
| ૫ | ઘઉં | ૭૦૦ | ૭૦૦ |
| ૬ | સોયાબીન | ૯૫૬ | ૯૭૫ |

## પાના ૧ ઉપરનું ચાલું શેલદેદુમલ અને સુરજવડી માટે

અમરેલી સિંચાઈ વિભાગ સાથે બેઠક કરીને સ્થળ પર મુલાકાત કરવા ગયેલા ધારાસભ્ય મહેશ કસવાલાએ હાથસણીના શેલ દેદુમલ ડેમ અને ધારગણીની સીમ સુધી સૌની યોજનાના પાઈપ લાઈનના પોઈન્ટ સુધી અધિકારીઓને સાથે રાખીને જરૂર સૂચનો અને માર્ગદર્શન ધારાસભ્ય મહેશ કસવાલાએ આપ્યું હતું. ત્યારે આશરે ૯૦ કરોડના ખર્ચે શેલ દેદુમલ ડેમ અને સૂરજવડી ડેમમાં સૌની યોજનાના પાઈપ લાઈનમાં કાર્યનો શુભારંભ કરવામાં આવ્યો હતો ને આ સૌની યોજનાની કામગીરી ૨૦૨૪ના સપ્ટેમ્બર માસમાં પૂર્ણ કરીને સૌની યોજનાના પાણીથી બન્ને ડેમો ભરાઈ જાય ને ખેડૂતોના જમીની તળ મજબૂત થાય ને વધારેમાં વધારે ખેતીપાક ખેડૂતો લઈ શકે તેવા અભિગમને સાર્થક કરવાના પ્રયત્નને સફળતા મળેલ હતી.

અગાઉ પણ સાવરકુંડલા–લીલીયા વિધાનસભા બેઠકના ગામડાઓમાં ખેડૂતોના હિતાર્થે રોડ રસ્તાઓથી લઈને ખેડૂતોને સૌથી મુશ્કેલ ગણાતા સિંચાઈના પાણી માટેની મુશ્કેલીઓ પણ આગામી દિવસોમાં દૂર કરવામાં ધારાસભ્ય મહેશ કસવાલા કામને પ્રાધાન્ય સાથે સામાજિક પ્રસંગોને પણ મહત્વ સાથે પહેલા પ્રજાના કામને વધુ મહત્વ આપીને મતદારોના હૃદયમાં એક અલગ સ્થાન બનાવ્યું છે. જેના ફળ સ્વરૂપે અગાઉ ૪૦૦ કરોડની સૈધાંતિક મંજૂરીઓ બાદ વધુ ૯૦ કરોડ માતબર જેવી રકમથી સૌની યોજનાનું પાણીથી હાથસણીનો શેલ દેદુમલ ડેમ અને સૂરજવડી ડેમ આવતા દિવસોમાં ખેડૂતો માટે સોનેરી દિવસો લાવવામાં સફળ સાબિત થશે તેમાં કોઈ બેમત નથી.

## અવસાન નોંધ

**સાવરકુંડલા :** (જૈન સુખડિયા મરણ) સાવરકુંડલા નિવાસી હરગોવિંદદાસ નાથાલાલ ધંધુકિયાના દિકરા રાજેન્દ્રભાઈ (ઉ.વર્ષ–૬૦) (રાજુભાઈ)નું દુઃખદ અવસાન તા.૨૦/૧૧/૨૦૨૩ ને સોમવારના રોજ થયેલ છે. તે રવિન્દ્રભાઈના મોટાભાઈ તથા ભૂમિ રૂષભકુમાર લુણાવાડાનાં દાદા તથા મોનિલ, રૂષભના દાદા તથા કાળુભાઈ, મનુભાઈ, વસંતભાઈ, કિરતિભાઈના ભત્રીજા તથા ન્યાલચંદ વૃજલાલ જોરાવરનગર વાળાનાં જમાઈ થાય જેમણી લૌકિક તિથી, તા.૨૪/૧૧/૨૦૨૩ને શુક્રવારનાં રોજ વિશા શ્રીમાળી જૈન મહાજન વાડી, સાવરકુંડલા મુકામે રાખેલ છે.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૭૫ | ૧૫૦૦ |
| ૨ | મગફળી | ૧૧૫૦ | ૧૩૦૧ |
| ૩ | ઘઉં | ૫૧૧ | ૫૫૧ |
| ૪ | ચણા | ૧૧૦૦ | ૧૧૦૫ |
| ૫ | મકાઈ | ૪૮૩ | ૪૮૩ |
| ૬ | ધાણા | ૧૩૦૦ | ૧૩૧૫ |
| ૭ | અડદ | ૧૯૦૧ | ૧૯૦૧ |
| ૮ | સોયાબીન | ૮૫૦ | ૯૭૦ |

## ''ના વાંધા પ્રમાણપત્ર'' (એન.ઓ.સી.) બાબતે જાહેર નોટિસ

આથી જાહેરાત આપવામાં આવે છે કે અમો પ્રમુખ/મંત્રીશ્રી (સુચિત) ડાયમંડ ક્રેડીટ કો–ઓપરેટીવ સોસાયટી લી. અમરેલી મન પ્લાઝા બિલ્ડીંગ બટાર વાડી ગ્રાઉન્ડ ફલોર અમરેલી જી. અમરેલીની હાલનું કાર્યક્ષેત્ર અમરેલી જિલ્લાના તમામ ગામો પુરતું હોય જેના નોંધણી દરખાસ્ત બાબતે શ્રી જીલ્લા રજીસ્ટ્રાર સાહેબશ્રી સહકારી મંડળીઓ અમરેલીને દરખાસ્ત કરવામાં આવનાર હોય જેથી આ માટે જીલ્લામાં આવાજ પ્રકારની તમામ શરાફી મંડળીઓ તથા જીલ્લાની તમામ નાગરીક બેંકોના ''ના વાંધા પ્રમાણપત્ર'' (એન.ઓ.સી.) મેળવવાના થતા હોય, જેથી આ (સુચિત) ડાયમંડ ક્રેડીટ કો–ઓપરેટીવ સોસાયટી લી. અમરેલી નોંધણી દરખાસ્ત સામે જો કોઈ વાંધા સુચનો હોય તો જાહેરાતની તારીખથી દિન–૧૦માં અમોને નીચેના સરનામે અથવા તો શ્રી જીલ્લા રજીસ્ટ્રાર સાહેબશ્રી સહકારી મંડળીઓ, બહુમાળી ભવન, અમરેલીના સરનામે ઉકત કચેરીને રજુ કરવા અનુરોધ કરવામાં આવે છે. અન્યથા ઉકત સમય મર્યાદામાં કોઈપણ વાંધા સુચનો ન રજુ થાય તો આપને કશું કહેવાનું નથી તેમ માની આપનું ''ના વાંધા પ્રમાણપત્ર'' (એન.ઓ.સી.) મળી ગયા સમાન માની નોંધણીની દરખાસ્ત રજુ કરવામાં આવશે જેની સર્વોએ નોંધ લેવી.

સ્થળ :– અમરેલી

સેક્રેટરી તા. ૨૧/૧૧/૨૦૨૩

વાધા સ્વિકારવાનું સ્થળ :

(૧) શ્રી પ્રમુખ/મંત્રીશ્રી

(સુચિત) ડાયમંડ ક્રેડીટ કો–ઓપરેટીવ સોસાયટી લી. અમરેલીના મન પ્લાઝા બિલ્ડીંગ બટાર વાડી ગ્રાઉન્ડ ફલોર અમરેલી. જી. અમરેલી અથવા

(૨) શ્રી જીલ્લા રજીસ્ટ્રાર સાહેબશ્રી સહકારી મંડળીઓ, બહુમાળી ભવન, બ્લોક–સી, ત્રીજો માળ અમરેલી.

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૨૮૦ | ૧૪૭૧ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૦૦ | ૧૫૦૧ |
| ૨ | ચણા | ૧૧૦૦ | ૧૧૩૫ |
| ૩ | ચણા સફેદ | ૧૪૧૨ | ૧૪૧૨ |
| ૪ | સોયાબીન | ૯૦૪ | ૧૦૧૦ |
| ૫ | તલ સફેદ | ૩૧૦૦ | ૩૧૪૨ |
| ૬ | મગફળી | ૧૧૫૦ | ૧૨૦૦ |
| ૭ | ઘઉં લોકવન | ૫૨૪ | ૫૫૦ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૬૫ | ૬૦૦ |
| ૯ | અડદ | ૧૬૦૦ | ૨૦૦૦ |
| ૧૦ | ધાણા | ૧૩૦૦ | ૧૩૯૫ |
| ૧૧ | તલ કાળા | ૩૦૫૫ | ૩૦૫૫ |
| ૧૨ | મગ | ૧૬૬૦ | ૧૬૬૦ |
| ૧૩ | શીંગદાણા | ૧૩૨૫ | ૧૩૨૫ |

# રાજુલા : નાઘેરા આહીર એજયુકેશન સમિતિ દ્વારા દ્વિતીય સન્માન સમારોહ યોજાયો






તસ્વીર : વાઘ સુમરા–કોવાયા

રાજુલા નાઘેરા આહીર એજયુકેશન સમિતિ રાજુલા દ્વારા વૃંદાવન બાગ, રામપરા–૨ ખાતે એક ભવ્ય વિદ્યાર્થી સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું રામપરા–૨ ગામે 'નાઘેરા આહીર એજયુકેશન સમિતિ–રાજુલા દ્વારા આયોજિત' તેજસ્વી વિદ્યાર્થી તેમજ વ્યકિત વિશેષ' દ્વિતિય સન્માન સમારોહ ૨૦૨૩ ખૂબજ શિસ્તબદ્ધ રીતે, અતિ સુંદર, નિશ્ચિત સિધ્ધીઓ સાથે સફળતાપૂર્વક સંપન્ન થયો છે. તે બદલ સમગ્ર સમાજ હર્ષ અને ગૌરવની લાગણી અનુભવે છે. આ સન્માન સમારંભમા ૧૮૦ વિદ્યાર્થીઓ, આ વર્ષના ૧૮ નવા સરકારી નોકરીયાતો, નિવૃત થયેલ સમાજનાં કર્મચારીઓ તેમજ દાતાઓનું સન્માન કરવામાં આવ્યું હતુ. આ પ્રસંગે દાતાઓ તરીકે જીકારભાઈ વાઘ (યાદવ), જીકારભાઈ વાઘ (શ્રીજી), નકાભાઈ વાઘ, લખમણભાઈ વાઘ, અરજણભાઈ વાઘ તેમજ કે.જી. સ્ટુડીયો–રાજુલા વગેરેનો એજયુકેશન સમિતિ દ્વારા આભાર વ્યકત કરવામાં આવ્યો હતો. આ સમારંભમા પ.પુ.શ્રી રાજેન્દ્રદાસ બાપુ, પ.પુ. બીજલ ભગત તેમજ પ.પુ. યોગીકૃષ્ણ સ્વામીજી દ્વારા આર્શિવચન આપવામાં આવ્યાં હતા. જ્ઞાતિ ગંગાના આ ભગીરથ યજ્ઞીન કાર્યમાં તન, મન અને ધનથી સહકાર આપનાર તમામ સંતો, દાતાઓ, વડીલો, યુવાનો, માતાઓ, બહેનો વિદ્યાર્થીઓ રામપરા–૨ ગામના સ્થાનિક યુવાનો (ગ્રામજનો) તેમજ જેમને પાયાનાં પથ્થર તરીકે બિરદાવી શકાય તેવા તમામ ગામના એજયુકેશન સમિતિનાં પ્રતિનિધિઓ કે જેમણે વિદ્યાર્થીઓ તેમજ સરકારી કર્મચારીઓના ડેટા કલેકશન, ડોર ટુ ડોર આમત્રંણ પત્રિકા વિતરણ અને કાર્યક્રમની નાની–મોટી જવાબદારી ઉપાડીને આ યજ્ઞીય કાર્યમાં આહુતિ આપી હતી. ખુશીની વાત એ છે કે આગામી બે વર્ષના સન્માન સમારોહનાં એડવાન્સ બુકીંગ પણ થઈ ગયા છે. આ સન્માન સમારોહ ૨૦૨૪માં ભેરાઈ ગામે અને ૨૦૨૫માં જુની બારપટોળી ગામે આયોજીત થશે.

### મહત્વની અનેક જગ્યાઓની ભરતી કરીને

# જાફરાબાદ ખાતે આવેલ પીજીવીસીએલની કચેરીનું શહેર અને ગ્રામ્યવિસ્તારમાં વિભાજન કરો

## હજારો ગ્રાહકો અને ઉધોગગૃહોની સમસ્યા દુર કરો

જાફરાબાદ, તા.૨૧

જાફરાબાદ ખાતે આવેલ પીજીવીસીએલની કચેરીમાં છેલ્લા ૧૯૮૨ના વર્ષથી ૪૦ થી ૬૦, જગ્યાઓ ખાલી ટેકનીકલ,નોન ટેકનીકલ એન્જીનીયરીંગ,અને ઓફિસોમાં જગ્યાઓની પોસ્ટ ભરવામાં આવી નથી તેના કારણે ચાલુ નોકરીયાતોને કામનું ભારણ વધતું હોવાથી જનતા જનાર્દનના કામો સમયસર થતાં નથી જાફરાબાદ અરબી સમુદ્રના કીનારે આવેલું એક મેજર પોર્ટ હોય આ બંદર સરકારને માછીમારી ક્ષેત્રે કરોડો રૂપિયાનુ વિદેશી હુંડીયામણ કમાવી આપતું મહત્વનું બંદર હોય પરંતુ સુવિધાઓનો અભાવ જોવા મળી રહ્યો છે.અને જાફરાબાદના દરિયા કિનારે અનેક નાની મોટી મહાકાય કંપનીઓ આવેલી છે. જેવી કે નર્મદા સીમેન્ટ



કંપની,અલ્ટ્રાટેક સિમેન્ટ કંપની,તેમજ સ્વાન એનર્જી કંપની, પીપાવાવ પોર્ટ લિમીટેડ (જી.પી.એલ.) સિનટેકસ યાન, વિગેરે કંપનીના કારણે જાફરાબાદ ઈન્ડસ્ટ્રીઝ ઝોન તરીકે જાહેર થયેલ છે. જેના કારણે માનવ વસ્તીમાં વધારો થયો છે. જાફરાબાદ ખાતેની પીજીવીસીએલ ઓફિસમાં ખુટતા સ્ટાફના અભાવે જનતાજનાર્દનને વિજળીના લગતા કામો સમયસર થઈ શકતાં નથી સ્ટાફ ઓછો હોવાથી જયારે જયારે લાઈટ જતી રહેતી હોય ત્યારે સમયસર રીપેરીંગ થતી પણ નથી માટે જાફરાબાદની જનતા જનાર્દનની ઉગ્ર પ્રબળ માંગણી છે કે જાફરાબાદ ખાતે સિટી અને રૂરલ ઓફિસ અલગ અલગ કરવામાં આવે તો જ આ સમસ્યાનો ઉકેલ આવી શકે તેમ છે. તેવું જનતા જનાર્દન ઈરછી રહી છે. આ બાબતે જાફરાબાદની જનતા જનાર્દનમાંથી માંગ થઈ છે.

# સાવરકુંડલા તાલુકાનાં ફિફાદ ગામે તુલસી વિવાહનું આયોજન

સાવરકુંડલા, તા.૨૧

સાવરકુંડલા તાલુકાના ફિફાદ ગામે રાણ પરિયા પરિવાર દ્વારા તા.૨૩/૧૧/ ગુરૂવારનાં રોજ ભવ્ય તુલસી વિવાહનું આયોજન કરવામાં આવ્યું છે ફિફાદ ગામે યુવા આગેવાન દીપકભાઈ લક્ષ્મણભાઈ રાણપરીયા દ્વારા સમસ્ત ફીફાદ ગામ વતી તુલસી વિવાહનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે જેમાં માતા તુલસીના લગ્ન દીપકભાઈ રાણપરીયા પરિવાર દ્વારા મેકડા ગામના લાલજી મહારાજ સાથે ઉજવવામાં આવશે મેકડાં ગામથી લાલજી મહારાજની જગ્યાના મહંત સેવાદાસબાપુ લાલજી મહારાજની મોટેરી જાન જોડીને ફિફાદ ખાતે પધારશે જેને ગામના સરપંચ રેખાબેન દીપકભાઈ રાણપરીયા અને સમસ્ત ગામના ગ્રામજનો દ્વારા અદકેરી આગતા સ્વાગતા સાથે આવકારશે અને તુલસીના ભવ્ય વિવાહ યોજવામાં આવશે આ પ્રસંગે સંતો, મહંતો, રાજશ્રી નેતાઓ અધિકારીઓ પણ હાજરી આપશે તુલસી વિવાહ પ્રસંગે તારીખ ૨૨/૧૧ બુધવારે રાત્રે ૮ કલાક દાંડિયારાસ તા.૨૩/૧૧/ ના મંડપ મુહૂર્ત અને તા.૨૩ /૧૧/ સાંજના છ કલાકે મેકડાથી લાલજી મહારાજની મોટેરી જાન ફીફાદ ખાતે પધારશે અને ભવ્ય તુલસી વિવાહ યોજાશે આ માટે ગામના સરપંચ શ્રીમતિ રેખાબેન દીપકભાઈ રાણપરિયા દ્વારા સુરત વસતા ગામના તમામ જ્ઞાતિના ૧૭૫ જેટલા પરિવારો અને આજુબાજુના ગ્રામ્ય વિસ્તારના લોકોને પણ ખાસ આગ્રહ પૂર્વક માતા તુલસીના વિવાહની આમંત્રણ પત્રિકા કાજુ, દ્રાક્ષ,બદામ અને સાકરના પડા સાથે પાઠવી છે તુલસી વિવાહ માટે દીપકભાઈ લક્ષ્મણભાઈ રાણપરિયા ખૂબ જ ઉત્સાહ પૂર્વક તૈયારીને આખરી ઓપ આપી રહ્યા છે. તુલસી વિવાહનાં કાર્યક્રમનું આયોજન ફિફાદ ગામનાં પીઢ આગેવાન અને હાલ સુરત સ્થિત શિક્ષણવિદ મોહનભાઈ બોઘરાના સીધા માર્ગદર્શન નીચે દીપકભાઈ લક્ષ્મણભાઈ રાણપરીયા પરિવાર દ્વારા કરવામાં આવ્યું છે.

### આ પહેલા પણ બન્યું હતું આવું એકાઉન્ટ

# આઈપીએસ હસમુખ પટેલનું ફરી બન્યું ફેક ફેસબુક એકાઉન્ટ

## વર્ષ ૧૯૯૩ બેચના આઈપીએસ હસમુખ પટેલ ગુજરાતના બનાસકાંઠા જિલ્લાના ઈકબાલગઢના વતની છે

ગાંધીનગર, તા.૨૧

IPS હસમુખ પટેલનું ફરી એક વખત ફેક ફેસબુક એકાઉન્ટ બન્યું છે. તેમણે ટ્વિટ કરીને આ માહિતી આપી છે. તેમણે લખ્યું, મારા ફોટા વાળું બનાવટી facebook એકાઉન્ટ બનાવી મેસેજ મોકલવાનું ધ્યાન પર આવેલ છે જે અંગે ગુનો દાખલ કરવાની કાર્યવાહી ચાલી રહી છે આ એકાઉન્ટ પરથી કોઈ પણ મેસેજ મળે તો તેને જવાબ આપશો નહીં. આ અંગે સિનિયર પત્રકાર દિનેશ અનાજવાલાએ કહ્યું, મારા પર મેસેજ આવતા તુરંત હસમુખ પટેલને જાણ કરી હતી. સપ્ટેમ્બર, ૨૦૨૩માં પણ આઈપીએસ હસમુખ પટેલનું ફેક ફેસબુક એકાઉન્ટ બન્યું . તેમણે ટ્વિટ કરીને આ માહિતી આપી હતી કે ફેક FB એકાઉન્ટ બનાવનાર સામે ગુનો દાખલ કરવામાં આવ્યો છે. તેમણે લખ્યું, મારું બનાવટી ફેસબુક એકાઉન્ટ શરૂ કરનાર વિરુદ્ધમાં ગઈકાલે ગુનો દાખલ કરવામાં આવ્યો. મારા નામે બનાવટી એકાઉન્ટ શરૂ કરી કોઈપણ પ્રવૃત્તિ કરવાનું ધ્યાન પર આવે તો મને તરત જ જાણ કરવા વિનંતી. વર્ષ ૧૯૯૩ બેચના આઈપીએસ હસમુખ પટેલ ગુજરાતના બનાસકાંઠા જિલ્લાના ઈકબાલગઢના વતની છે.

સ્કુલનો અભ્યાસ તેમણે બનાસકાંઠાના બાલુન્દ્રા ગામ તેમજ ઈકબાલગઢ ખાતે કર્યો અને હાઈસ્કુલનો અભ્યાસ વિસનગરમાં પૂર્ણ કર્યો. વડોદરાની એમ એસ યુનિવર્સિટીમાંથી બી.ઈ. સિવિલનો અભ્યાસ કર્યો. IPS Civil List માં જણાવ્યાનુસાર હસમુખ પટેલના અભ્યાસ અને ડીગ્રીની યાદીમાં એમ.ઈ. સ્ટ્રક્ચરલ એન્જિનીયરિંગ માસ્ટર ડીગ્રી ઈન પોલીસ મેનેજમેન્ટ એમ.બી.એ.પીએચ.ડી. એલએલએમ સામેલ છે. ૨૩ જૂન ૧૯૬૫ના રોજ જન્મેલા હસમુખ પટેલની ઈચ્છા ડૉક્ટર બનવાની હતી. પાંચ માર્ક ઓછા આવવાના કારણે તેમને મેડિકલના બદલે એન્જિનિયરિંગમાં પ્રવેશ લેવો પડ્યો હતો. UPSC માં ચાર વખત ગુજરાતીમાં પેપર લખનારા હસમુખ પટેલ ત્રણ વખત ઈન્ટરવ્યુ સુધી પહોંચ્યા હતા. બે વખત સિવિલ સર્વિસ પાર કરી હતી. ત્રીજા પ્રયાસમાં ઈન્ડિયન એકાઉન્ટ સર્વિસ અને ચોથા પ્રયત્નમાં ઈન્ડિયન પોલીસ સર્વિસ પસંદ કરી હતી. તેઓ SP તરીકે પ્રોહિબિશન, સુરત, પોરબંદર, વલસાડ, ભાવનગર રેલવેમાં ફરજ બજાવી ચૂક્યા છે. DIG IGP તરીકે સુરત રેન્જ, ગાંધીનગર રેન્જ, એન્ટી કરપ્શન બ્યુરો, પ્લાનિંગ એન્ડ મોડર્નાઈજેશન તેમજ સ્ટેટ મોનિટરિંગ સેલમાં અને વર્ષ ૨૦૧૮થી ADGP હસમુખ પટેલ ગુજરાત રાજ્ય પોલીસ હાઉસિંગ કોર્પોરેશનના મેનેજિંગ ડિરેક્ટર તરીકે ફરજ બજાવી રહ્યાં છે. હસમુખ પટેલ યુએન પીસ કીપિંગ ફોર્સ કોસોવોમાં સ્પેશ્યલ ડેપ્યુટેશન પર જઈ આવ્યા છે.

### શું તણાવ અને પ્રદૂષણ જવાબદાર છે?

# નાની ઉંમરમાં લોકો સ્ટ્રોકનો શિકાર બની રહ્યા છે

## એક સમય હતો જ્યારે સ્ટ્રોક એ વૃદ્ધોનો રોગ હતો, પરંતુ છેલ્લા કેટલાક વર્ષોમાં તે સૌથી નાના લોકોને પોતાનો શિકાર બનાવી રહી છે

નવી દિલ્હી, તા.૨૧

એક સમય હતો જ્યારે સ્ટ્રોક એ વૃદ્ધોનો રોગ હતો. પરંતુ છેલ્લા કેટલાક વર્ષોમાં તે સૌથી નાના લોકોને પોતાનો શિકાર બનાવી રહી છે. હવે સ્થિતિ એટલી ખરાબ છે કે તે દેશ માટે ચિંતાનો વિષય બની ગયો છે. અભ્યાસ મુજબ, ૪૫ કે તેથી ઓછી ઉંમરના લોકોમાં સ્ટ્રોકના કેસમાં લગભગ ૧૦ થી ૧૪ ટકાનો વધારો થયો છે. જેના કારણે તે ગંભીર ચિંતાનો વિષય છે. કાર્ડિયોવેસ્ક્યુલર રોગ - એરિથમિયા, લિપિડ ડિસઓર્ડર, સ્થૂળતા, ડાયાબિટીસ, ધૂમ્રપાન, આલ્કોહોલ પીવું અને શારીરિક નિષ્ક્રિયતા - લોકોમાં સ્ટ્રોકનું જોખમ લગભગ ૫૦ ટકા જેટલું વધારે છે. તણાવ કેવી રીતે સ્ટ્રોકનું કારણ બને છે? તીવ્ર મનોવૈજ્ઞાનિક તણાવના લાંબા સમય સુધી સંપર્કમાં આવવાથી ઘટનાઓની સાંકળ ઉભી થઈ શકે છે. ન્યુરોએન્ડોક્રાઈન ફંક્શનમાં સમસ્યા જેના કારણે શરીરમાં સ્ટ્રેસ હોર્મોન્સ વધે છે. શરીરમાં વિવિધ જગ્યાએ સોજો. રક્ત પરિભ્રમણનું વિસ્ફોટ અથવા બગાડ, રક્ત પરિભ્રમણમાં કેલ્શિયમનું સંચય. પ્રદૂષિત અથવા આસપાસની હવામાં નેનોપાર્ટિકલ્સ, કાર્બન મોનોક્સાઈડ, સલ્ફર ડાયોક્સાઈડ, ગ્રાઉન્ડ લેવલ ઓઝોન અને નાઈટ્રોજન ડાયોક્સાઈડ હોય છે. બળતરા, ઓક્સિડેટીવ સ્ટ્રેસ અને લિપિડમાં ફેરફાર જ્યારે આપણે ગંદી હવા શ્વાસમાં લઈએ છીએ, ત્યારે નાના કણો આપણા ફેફસામાં બળતરા પેદા કરી શકે છે અને આપણા શરીરના બાકીના ભાગમાં ફેલાય છે અને આપણા હ્રદય અને રક્તવાહિનીઓને અસર કરે છે. પ્રદૂષિત હવાના કેટલાક ખૂબ જ નાના કણો ફેફસાં દ્વારા રક્ત પરિભ્રમણમાં પ્રવેશી શકે છે અને મગજ સુધી લોહી પહોંચવામાં મુશ્કેલી ઊભી કરે છે. યુવાનીમાં સ્ટ્રોકના લક્ષણોને ઓળખવું મહત્વપૂર્ણ છે. જેથી તેની પ્રારંભિક સારવારમાં મદદ મળી શકે. ચહેરાની નબળાઈ જે ચહેરાની એક બાજુએ અચાનક ઝુકાવ અથવા કુટિલ સ્મિતના સ્વરૂપમાં દેખાય છે. બોલવામાં અચાનક મુશ્કેલી અથવા શબ્દો યોગ્ય રીતે ઉચ્ચારવામાં અસમર્થતા. વ્યવસ્થિત રીતે જોઈ શકાતું નથી, દ્રષ્ટિની વિક્ષેપ આવે છે. અંગોમાં નબળાઈ, અંગો, ખાસ કરીને હાથ ખસેડવામાં મુશ્કેલી. કેટલાક કિસ્સાઓમાં, કેટલાક ચેતવણી ચિહ્નો સ્ટ્રોકના એક અઠવાડિયા પહેલા દેખાઈ શકે છે. આમાં ચક્કર, છાતીમાં દુખાવો અને શ્વાસની તકલીફનો સમાવેશ થાય છે.

### SBI એ કરોડો ગ્રાહકોને આપી ભેટ

# બેંકે વેકેર સિનિયર સિટીઝન એફડી સ્કીમની સમયમર્યાદા લંબાવી

## સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાએ વરિષ્ઠ નાગરિકો માટે સ્પેશિયલ એફડી સ્કીમને અગાઉ ઘણી વખત લંબાવી હતી

નવી દિલ્હી, તા.૨૧

દેશની સૌથી મોટી સરકારી બેંક SBIએ કરોડો ગ્રાહકોને મોટી ભેટ આપી છે. બેંકે વેકેર સિનિયર સિટીઝન એફડી સ્કીમની સમયમર્યાદા લંબાવી છે. હવે ગ્રાહકોને આ યોજનાનો લાભ ૩૧ માર્ચ ૨૦૨૪ સુધી મળતો રહેશે. બેંક તરફથી, ગ્રાહકોને આ સ્કીમમાં સામાન્ય FDની સરખામણીમાં વધુ વ્યાજનો લાભ મળશે. સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાએ વરિષ્ઠ નાગરિકો માટે સ્પેશિયલ એફડી સ્કીમને અગાઉ ઘણી વખત લંબાવી હતી. SBI WeCare સિનિયર સિટીઝન FD સ્કીમ મે ૨૦૨૦ માં શરૂ કરવામાં આવી હતી અને તે સમયે તેની છેલ્લી તારીખ સપ્ટેમ્બર ૨૦૨૦ હતી, જે ત્યારથી ઘણી વખત લંબાવવામાં આવી છે. SBIએ સ્પેશિયલ FD સ્કીમ શરૂ કરી હતી, જેનો ઉદ્દેશ્ય વરિષ્ઠ નાગરિકોને તેમની ફિક્સ ડિપોઝિટ પર વધુ વ્યાજ આપવાનો હતો. વરિષ્ઠ નાગરિકોને આ યોજના પર ૩૦ bps વ્યાજનો લાભ મળે છે (વર્તમાન ૫૦ bps પ્રીમિયમ કરતાં વધુ). ફિક્સ્ડ ડિપોઝિટ માટે, વ્યાજ માસિક/ત્રિમાસિક અંતરાલ પર ચૂકવવામાં આવે છે. નોંધનીય છે કે SBIએ વેકેર FD સ્કીમની સમયમર્યાદા અગાઉ પણ ઘણી વખત લંબાવી છે. આવી સ્થિતિમાં, આશા છે કે બેંક ફરી એકવાર તેને આગળ વધારી શકે છે. જ્યારે બેંકની સામાન્ય FD યોજનામાં વરિષ્ઠ નાગરિકોને ૭ દિવસથી ૫ વર્ષની FD પર ૩.૫૦ ટકાથી ૭.૦૦ ટકા સુધીના વ્યાજ દરનો લાભ મળી રહ્યો છે. બેંકની અમૃત કલશ યોજના હેઠળ ગ્રાહકોને ૪૦૦ દિવસની FD પર ૭.૬૦ ટકા વ્યાજ દરનો લાભ મળી રહ્યો છે. WeCare યોજના બેંક દ્વારા કોરોના સમયગાળા દરમિયાન શરૂ કરવામાં આવી હતી જેથી વરિષ્ઠ નાગરિકોને સુરક્ષિત રોકાણનો વિકલ્પ મળી શકે. SBI WeCare સ્કીમ વિશે બીજી સારી બાબત એ છે કે બેંક તેના ગ્રાહકોને લોનની સુવિધા પણ પૂરી પાડે છે.

### ભારત સતત ૧૦ મેચ જીતીને ફાઈનલમાં પહોંચ્યું હતું

# વર્લ્ડકપ ફાઈનલમાં હાર છતાં ટીમ ઈન્ડિયાનો પાકિસ્તાનમાં જયજયકાર

## જ્યારે મોહમ્મદ શમીએ ૭ મેચમાં ૨૪ વિકેટ ઝડપી હતી, કોહલીને ટૂર્નામિન્ટનો સર્વશ્રેષ્ઠ ખેલાડી પસંદ કરવામાં આવ્યો હતો

નવી દિલ્હી, તા.૨૧

ભારતીય ક્રિકેટ ટીમે જે રીતે વર્લ્ડકપ ૨૦૨૩ની ફાઈનલમાં પ્રવેશ કર્યો તેની ચારેબાજુ પ્રશંસા થઈ રહી હતી. પાકિસ્તાનના ફાસ્ટ બોલર વસીમ અકરમ ભારતીય ક્રિકેટનો ફેન બની ગયો છે. અલબત્ત, વર્લ્ડકપ ફાઈનલમાં ટીમ ઈન્ડિયા ઓસ્ટ્રેલિયા સામે હારી ગઈ હોવા છતાં અકરમે ભારતીય ક્રિકેટના વખાણ કર્યા અને કહ્યું કે પડોશી દેશનું ક્રિકેટ સારી સ્થિતિમાં છે. અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાયેલી ફાઈનલમાં ઓસ્ટ્રેલિયાએ ૬ વિકેટે જીત મેળવીને ભારતનું વર્લ્ડકપ જીતવાનું સપનું તોડી નાખ્યું હતું. વસીમ અકરમે કહ્યું, 'સ્વાભાવિક છે કે તેઓ (ભારતીય ટીમ) ફાઈનલમાં હારીને તૂટી ગઈ હશે પરંતુ ક્રિકેટમાં આવી ઘટનાઓ બનતી રહે છે. ભારતનો દિવસ ખરાબ હતો અને કમનસીબે તે ફાઈનલમાં થયું. તમે તેમનું માળખું, ખેલાડીઓ માટેના પૈસા, સ્માર્ટ શિડ્યૂલ અને બેકઅપ પ્રતિભા જુઓ અને તેમને ફક્ત તે રીતે ચાલુ રાખવાની જરૂર છે. તેનું ક્રિકેટ ખૂબ જ સારી સ્થિતિમાં છે. અકરમે કહ્યું કે ભૂતપૂર્વ ખેલાડી હોવાને કારણે તે જાણે છે કે નોકઆઉટ મેચમાં ઓસ્ટ્રેલિયન ખેલાડીઓ માનસિક રીતે કેટલા મજબૂત હોય છે. તેણે કહ્યું, 'જ્યારે અમે ૧૯૯૯ વર્લ્ડકપ ફાઈનલમાં તેમની સાથે રમ્યા ત્યારે હું કેપ્ટન હતો. અમે લીગ સ્ટેજમાં તેમને હરાવ્યા હતા પરંતુ ફાઈનલમાં તેઓ ગઈકાલની જેમ અમદાવાદમાં અલગ ટીમ હતી.ભારતીય ટીમ ચોથી વખત વર્લ્ડકપની ફાઈનલમાં પહોંચી હતી. ભારતીય ખેલાડીઓ મોટી મેચનું પ્રેશર સહન ન કરી શક્યા અને ફાઈનલ સરળતાથી હારી ગયા. રોહિત શર્માની કેપ્ટન્સીમાં ભારતીય ટીમે અજેય રહીને ફાઈનલની ટિકિટ બુક કરી લીધી હતી. ટીમ ઈન્ડિયાએ સતત ૧૦ મેચ જીતી હતી. ફાઈનલ પહેલા તમામ ખેલાડીઓ શાનદાર ફોર્મમાં હતા. વિરાટ કોહલીએ ૧૧ મેચમાં સૌથી વધુ ૭૬૫ રન બનાવ્યા હતા. જ્યારે મોહમ્મદ શમીએ ૭ મેચમાં ૨૪ વિકેટ ઝડપી હતી. કોહલીને ટૂર્નામેન્ટનો સર્વશ્રેષ્ઠ ખેલાડી પસંદ કરવામાં આવ્યો હતો. ભારતીય ટીમ ટાઈટલ મેચમાં ૨૪૦ રનમાં તુટી પડી હતી. ટ્રેવિસ હેડની સદી અને માર્નસ લાબુશેનની અણનમ અડધી સદીના આધારે ઓસ્ટ્રેલિયાએ છઠ્ઠી વખત વર્લ્ડકપ જીત્યો હતો.

### જર્મનીમાં કામ કરવા માટે ભારતીયોને તક

# જર્મનીમાં ઈમિગ્રેશનના નિયમો વધારે સરળ બનશે

## જર્મનીને ભારત સહિતના દેશોમાંથી સ્કીલ્ડ વર્કર્સની જરૂર છે જેના કારણે ઈમિગ્રેશનના નિયમોમાં ઘણી રાહત આપવામાં આવી છે

નવી દિલ્હી, તા.૨૧

યુરોપના સૌથી શક્તિશાળી દેશ જર્મનીમાં અત્યારે આઈટી, ટેક્નોલોજી, હેલ્થકેર, કોન્ટ્રાક્ટિંગ, લોજિસ્ટિક્સ સહિતના સેક્ટરમાં અનુભવી અને સ્કીલ્ડ લોકોની જરૂર છે. યુરોપિયન યુનિયન બહારના લોકો પણ આ સેક્ટરમાં કામ કરવા આવે તે માટે જર્મનીએ ઈમિગ્રેશનના નિયમો સરળ બનાવવાનો નિર્ણય લીધો છે. જર્મનીની કંપનીઓ જુદા જુદા ક્ષેત્રમાં વિદેશી વર્કર્સને લાવવા પ્રયાસ કરી રહી છે, પછી તે એન્જિનિયર હોય, નર્સ હોય કે બીજા ટેકનિકલ માણસો હોય. જર્મન સંસદે સ્કીલ્ડ ઈમિગ્રેશન એક્ટ પસાર કર્યો છે તેથી વિદેશી કામદારોને વધુ સરળતાથી લાવી શકાશે અને એન્ટ્રીનું કામ ઝડપી બનશે. જર્મનીએ નવા સ્કીલ્ડ વર્કર કાયદાનો પ્રથમ ફેઝ પૂરો કર્યો છે જેથી ઈયુ બ્લૂ કાર્ડના નિયમોમાં સુધારા કરવામાં આવ્યા છે. તેના કારણે જર્મનીમાં સ્કીલ્ડ વર્કર્સ માટે તકમાં વધારો થશે. EU Blue Card સ્કીમમાં મુખ્ય ફેરફાર એ છે કે સેલેરીના ધોરણ નીચા કરવામાં આવ્યા છે. એટલે કે અગાઉ કરતા નીચા પગારે પણ બહારના લોકોને કામ પર રાખી શકાશે. હવે પેન્શન ઈન્શ્યોરન્સ માટે વાર્ષિક કન્ટ્રીબ્યુશન એસેસમેન્ટ સિલિંગના ૪૫ ટકા જેટલી મિનિમમ સેલેરીનો નિયમ રાખવામાં આવ્યો છે. છેલ્લા ત્રણ વર્ષમાં યુનિવર્સિટીમાંથી ગ્રેજ્યુએટ થયા હોય તેવા લોકોને ઈયુ બ્લૂ કાર્ડ મેળવવાની વધુ તક મળશે. જોકે, તેમાં મિનિમમ સેલેરીના નિયમનું પાલન કરવાનું રહેશે. જે આઈટી સ્પેશિયાલિસ્ટ પાસે યુનિવર્સિટી ડિગ્રી હોય અને ત્રણ વર્ષનો પ્રોફેશનલ અનુભવ ધરાવતા હોય તેઓ જર્મનીમાં કામ કરવા આવી શકશે. ઈયુ બ્લૂ કાર્ડ માટે બોટલનેક પ્રોફેશનલોનું લિસ્ટ વધારવામાં આવ્યું છે. તેમાં હવે મેન્યુફેક્ચરિંગ, માઈનિંગ, કન્સ્ટ્રક્શન, ડિસ્ટ્રીબ્યુશન મેનેજર્સને પણ કામ કરવા મળશે. આગામી જૂન મહિનાથી પોઈન્ટ સિસ્ટમ પર આધારિત ઓપોર્ચ્યુનિટી કાર્ડ શરૂ કરવામાં આવશે. આ કાર્ડ મેળવ્યા પછી યુનિવર્સિટી ડિગ્રી ધરાવતા લોકો એક વર્ષના સમયગાળા માટે જર્મનીમાં રોજગારીની શોધમાં આવી શકશે. જે લોકો પાસે યુનિવર્સિટીની ડિગ્રી ન હોય તેમણે એ-વન લેવલના જર્મન અથવા બી-ટુ લેવલના અંગ્રેજીની ટેસ્ટ પાસ કરવી પડશે. જર્મનીનું ઓપોર્ચ્યુનિટી કાર્ડ ધરાવતા લોકો સપ્તાહમાં ૨૦ કલાક સુધી કામ કરી શકશે, તથા પ્રોબેશનના પિરિયડ દરમિયાન પણ કામ કરી શકશે. આ ઉપરાંત આ ઓપોર્ચ્યુનિટી કાર્ડને બે વર્ષ માટે એક્સ્ટેન્ડ પણ કરી શકાશે. જર્મન સરકારે વર્કરના પરિવારનો પણ ખ્યાલ રાખ્યો છે. તેથી જે લોકોની રેસિડન્સી પરમિટ માર્ચ ૨૦૨૪થી આગળ સુધી વેલિડ હશે તેઓ પોતાના વાલી અથવા ઈન-લોઝને પણ જર્મની લાવી શકશે. તેના કારણે વધુને વધુ સ્કીલ્ડ વર્કર્સ જર્મનીમાં રહેવા માટે પ્રોત્સાહિત થશે.

### ફાઇનલમાં મળેલી હાર બાદ ગિલનું છલકાયુ દર્દ

# અમે હારી ગયા હોઈએ, પણ હાર પછી બધું ખતમ નથી થતું

## પોસ્ટમાં તેણે હાર બાદ પોતાનું દર્દ વ્યક્ત કર્યું છે, ગિલની પોસ્ટમાં તમામ ભારતીય ખેલાડીઓ જોવા મળે છે

નવી દિલ્હી, તા.૨૧

વર્લ્ડ કપની ફાઈનલમાં ભારતીય ટીમને ઓસ્ટ્રેલિયાએ ૬ વિકેટે હરાવ્યું હતું. આ હારથી કરોડો ભારતીય ક્રિકેટ ચાહકોના દિલ તૂટી ગયા. આ સિવાય ખેલાડીઓના ચહેરા પર હારનું દુઃખ સ્પષ્ટ જોઈ શકાતું હતું. જોકે, ભારતીય ટીમના ઓપનર શુભમન ગિલે ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ કરી છે. આ પોસ્ટમાં તેણે હાર બાદ પોતાનું દર્દ વ્યક્ત કર્યું છે. શુભમન ગિલની પોસ્ટમાં તમામ ભારતીય ખેલાડીઓ જોવા મળે છે. શુભમન ગિલે પોતાની પોસ્ટના કેપ્શનમાં લખ્યું છે કે લગભગ ૧૬ કલાક વીતી ગયા છે, આ બધું ગઈકાલે રાત્રે થયું. કેટલીકવાર તમે તમારું ૧૦૦ ટકા આપો છો, પરંતુ તે પૂરતું નથી. અમે અમારા અંતિમ લક્ષ્ય સુધી પહોંચી શક્યા નહીં પરંતુ અદભૂત પ્રવાસમાં અમારી ટીમે ખૂબ જ સારી ટીમ ભાવના અને સમર્પણ બતાવ્યું. શુભમન ગિલે વધુમાં લખ્યુ કે અમારા પ્રશંસકોએ અમને ખૂબ સપોર્ટ કર્યો, અમે જીતીએ કે હારીએ, તમારો સપોર્ટ અમારા માટે ઘણો મહત્વનો છે. પણ આ હાર પછી બધુ ખત્મ થયું નથી... જય હિન્દ. જો કે શુભમન ગિલની પોસ્ટ સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહી છે. આ સિવાય સોશિયલ મીડિયા યુઝર્સ સતત કોમેન્ટ કરીને પોતાનો પ્રતિભાવ આપી રહ્યા છે. વાસ્તવમાં આ વર્લ્ડ કપમાં શુભમન ગિલે શાનદાર બેટિંગ પ્રદર્શન કર્યું હતું, પરંતુ ફાઈનલ મેચમાં ૭ બોલમાં ૪ રન બનાવીને તે મિચેલ સ્ટાર્કના બોલ પર પેવેલિયન પરત ફર્યો હતો. ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે ૨૩ નવેમ્બર, ગુરુવારથી ૫ મેચની T20 શ્રેણી રમાશે. જ્યારે શ્રેણીની છેલ્લી મેચ ૦૩ ડિસેમ્બર, રવિવારે રમાશે. આ સીરિઝ માટે ભારતીય ટીમની જાહેરાત કરવામાં આવી છે. સૂર્યકુમાર યાદવને કેપ્ટન અને ઋતુરાજ ગાયકવાડને વાઈસ કેપ્ટન બનાવાયો છે. શ્રેયસ ઐયર છેલ્લી બે મેચમાં ટીમ સાથે જોડાશે અને વાઈસ કેપ્ટનની ભૂમિકા પણ નિભાવશે. ભારતે આ સિરીઝમાં પાંચ T20 રમવાની છે. ઈજામાંથી સ્વસ્થ થયેલા ગુજરાતી ઓલરાઉન્ડર અક્ષર પટેલની વાપસી થઈ છે.

### શિયાળામાં લોકો આદુની ચા અથવા તેનો ઉકાળો પીવે છે

# આદુના વધુ પડતા ઉપયોગથી શરીરમાં નુકસાન થાય છે

## આદુમાં એવા ગુણ હોય છે જે લોહીને પાતળું કરી શકે છે, જો કે, તેનું વધુ પડતું સેવન લોહીના ગંઠાઈ જવાને અસર કરી શકે છે

નવી દિલ્હી, તા.૨૧

જ્યારે પણ હવામાનમાં ફેરફાર થાય છે ત્યારે લોકોમાં બીમારીઓ વધવા લાગે છે. ઉનાળાની ઋતુની જેમ શિયાળો પણ પોતાની સાથે અનેક બીમારીઓ લઈને આવે છે. જે લોકો ઉનાળામાં ગરમ વસ્તુઓથી દૂર ભાગે છે, શિયાળામાં તેને ખાવા લાગે છે કારણ કે આ ઋતુમાં ગરમ વસ્તુઓ પીવાથી શરીરમાં ગરમી આવે છે. શિયાળામાં લોકો મોટે ભાગે આદુની ચા અથવા તેનો ઉકાળો પીવે છે. આદુ ગરમ સ્વભાવનું હોવાથી તેનું સેવન કરવાથી ઠંડીનો અહેસાસ ઓછો થાય છે. પરંતુ શું તમે જાણો છો કે તેનું વધુ સેવન કરવાથી ઘણી શારીરિક સમસ્યાઓ થઈ શકે છે. આજે અમે તમને આદુના વધુ પડતા સેવનથી શરીરમાં થતી કેટલીક સમસ્યાઓ વિશે જણાવીશું. આદુ ભલે શરીરને હૂંફ આપે છે, પરંતુ તેનું વધુ સેવન કરવાથી પેટમાં બળતરા, એસિડ બનવા, ગેસ અને કબજિયાત જેવી સમસ્યાઓ થઈ શકે છે.

જો કે, જો તમે જમ્યા પછી થોડી માત્રામાં તેનું સેવન કરો છો, તો તે પેટ ફૂલવાની સમસ્યાને ઘટાડી શકે છે. આદુમાં એવા ગુણ હોય છે જે લોહીને પાતળું કરી શકે છે. જો કે, તેનું વધુ પડતું સેવન લોહીના ગંઠાઈ જવાને અસર કરી શકે છે. તેનું વધુ સેવન કરવાથી તે લોકોની સમસ્યાઓ વધી શકે છે જેઓ લોહીને પાતળું કરવાની દવાઓ લેતા હોય છે. ખોરાકમાં વધુ પડતા આદુનો સમાવેશ કરવાથી ઈન્સ્યુલિનના સ્તરમાં અવરોધ ઊભો થઈ શકે છે. જેના કારણે બ્લડ શુગર લેવલ અચાનક ઘટી શકે છે. જો તમે આદુનું વધારે સેવન કરો છો તો આ સમસ્યા તમને પરેશાન કરી શકે છે. તેથી, આદુનો ઉપયોગ શક્ય તેટલો મર્યાદિત માત્રામાં કરો. સામાન્ય શરદીની સ્થિતિમાં સૌ પ્રથમ ઘરગથ્થુ ઉપચાર અપનાવીને તેને ઠીક કરવો જોઈએ.

શરદી અને ઉધરસની સ્થિતિમાં આદુનો રસ પીસેલા કાળા મરી અને મધમાં ભેળવીને સવારે ખાલી પેટ ખાવાથી ગળામાં આરામ મળે છે. દેશી ઘી ગરમ કરો, તેમાં પીસેલા કાળા મરી અને ગોળ ઉમેરો અને એક મિનિટ પકાવો, પછી તેને ગરમ હોય ત્યાં સુધી ખાઓ અને ઘી પીવો. તમને ઉધરસમાં તરત જ રાહત મળશે. ગરમ પાણીમાં સેંધા મીઠું મિક્સ કરીને દિવસમાં ત્રણ વખત કોગળા કરો. આનાથી કાકડામાં રાહત મળશે અને શરદી અને ઉધરસમાં રાહત મળશે.

## પાલિકાનાં નવનિયુકત શાસકો આળશ ખંખેરે તેવી શહેરીજનોની માંગ

# અમરેલીમાં સ્ટ્રીટલાઈટ અને સફાઈ કાર્યમાં ઉદાસીનતા

**પ્રકાશનાં પર્વ ગણાતાં દિવાળીનાં તહેવારમાં પણ જાહેર સ્થળો અને માર્ગો પર સ્ટ્રીટલાઈટ બંધ જોવા મળી**

**શહેરનાં હાર્દસમા ચિતલ રોડ પરનાં બ્યુટિફિકેશનમાં પણ તહેવારોમાં સફાઈ કાર્ય ન થયું**

**શહેરનાં ક્રીમ વિસ્તારમાં પરિસ્થિતિ ગંભીર હોય તો અન્ય વિસ્તારોની કલ્પના શું કરવી**

**સીનિયર સિટીઝન પાર્કમાં અનેક લાઈટ છેલ્લા એક મહિનાથી બંધ જોવા મળે છે**



અમરેલી, તા. ૨૧

અમરેલી પાલિકાનાં નવનિયુકત શાસકોની આળશ અને બેદરકારીનાં કારણે શહેરમાં ઠેકઠેકાણે બંધ સ્ટ્રીટલાઈટ અને ગંદકીનાં ગંજ જોવા મળી રહ્યા છે. "સ્વચ્છતા હી સેવા" જેવા અભિયાન પૂર્ણ થયા છતાં શહેર સ્વચ્છ અને સુંદર ન બની શકયું એટલે રૂપાળા નામ નીચે થતાં અભિયાનથી નાગરિકોને કોઈ ફાયદો થતો નથી.

પ્રકાશનાં પર્વ ગણાતા દિવાળીમાં પણ શહેરનાં જાહેર સ્થળો અને માર્ગો પર સ્ટ્રીટલાઈટ બંધ જોવા મળી. શહેરમાં જયા સમી સાંજે અને રાત્રિનાં સમયે મોટી સંખ્યામાં શહેરીજનો ટહેલવા આવે છે તેવા સીનિયર સિટીઝન પાર્કમાં છેલ્લા એક મહિનાથી અર્ધો ડઝનથી વધારે સ્ટ્રીટલાઈટ બંધ જોવા મળે છે તો અતિથિગૃહથી લઈને ઓમનગર માર્ગ સુધીમાં પણ એક ડઝન જેટલી સ્ટ્રીટલાઈટ બંધ છે તો ગઈકાલે

અનુસંધાન પાના ૬ ઉપર

## પાલિકાનાં શાસકોએ જવાબદારી સોંપી

# સાવરકુંડલાનાં ત્રિકોણબાગનું સંચાલન સૂર્યોદય કેળવણી અને સાંસ્કૃતિક ટ્રસ્ટને સોંપાયુ

**શહેરીજનોને નવી સુવિધાનો લાભ મળશે**



સાવરકુંડલા, તા. ૨૧

સાવરકુંડલા નગરપાલિકા દ્વારા પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપ પીપીપી યોજના અંતર્ગત શહેરનાં શિવાજી નગરમાં સનરાઈઝ સ્કૂલ સામે આવેલ, જાહેર જનતાનાં ઉપયોગ માટેનાં ત્રિકોણબાગમાં લોક ઉપયોગી વધુ સુધારા વધારા કરી આકર્ષક બનાવીને શહેરની રોનકમાં ઓર ઉમેરો

અનુસંધાન પાના ૬ ઉપર

## ન્યાય સમિતિના ચેરમેને કરી ફરિયાદ

# લાઠી : શેખપીપરીયા ગામે સીસી રોડ બનાવવામાં ગેરરીતી થયાનો આક્ષેપ

**તકેદારી કમિશનરને પત્ર પાઠવ્યો**

લાઠી, તા. ૨૧

લાઠીનાં શેખપીપરીયા ગામ પંચાયતની ન્યાય સમિતિનાં ચેરમેન પ્રવિણભાઈ પરમારે રાજયનાં તકેદારી કમિશનરને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે,લાઠી તાલુકાનાં શેખપીપરીયા ગામે ૧૫ માં નાણાપંચની ગ્રાન્ટ તેમજ સરકારની અન્ય ગામની વિકાસલક્ષી ગ્રાન્ટો જે મંજુર થઈ જેનાં એસ્ટીમેન્ટ તેમજ વર્ક ઓર્ડર મુજબ કામો જે ગ્રામ પંચાયત દ્વારા જે નવી પંચાયત બોડી અમલમાં આવી તેના બે વર્ષ થવા આવેલ છે. તેમાં શેખપીપરીયા ગામે અલગ અલગ વિસ્તારમાં જે ગામનાં વિકાસલક્ષી કામો જે કરવામાં આવેલ છે.

તલાટી કમ મંત્રી પાસેથી ગ્રામ પંચાયતનાં રોજમેળ ખાતાવહી ગામમાં થયેલ કામોનાં વાઉચર તથા બીલો તપાસતા જાણવા મળેલ છે ગામમાં જે વિકાસલક્ષી કામો કરવામાં આવેલ છે.તેમા આશરે લાખો રૂપિયાનો ભ્રષ્ટાચાર આચરી સકરારનાં નાણાનો તેમજ ગામનાં જે સ્વભંડોળના નાણાનો સરપંચ તેમજ તલાટી મંત્રીએ અલગ અલગ રાષ્ટ્રીયકૃત બેન્કોમાંથી નાણાની ઉચાપત કરેલ છે. જે અંગે તાલુકા વિકાસ અધિકારી, લાઠીને અવાર નવાર મૌખીક રજુઆત કરવા છતાં આંખ આડા કાન કરી કોઈ જ કાર્યવાહી કરવામાં આવતી નથી. તો આ અંગે યોગ્ય કાર્યવાહી કરવા અંતમાં માંગ કરેલ છે.

## પૂ.જલારામબાપાની જન્મજંયતીએ

# અમરેલી ખાતે વેપારી અગ્રણીઓએ ડો. જીવરાજ મહેતા ચોકમાં જલારામ વંદના કરી

**લોહાણા મહાજનનાં પ્રમુખ જીતુભાઈ ગોળવાળાને શુભેચ્છા પાઠવી**



અમરેલી, તા. ૨૧

અમરેલી લોહાણા મહાજન દ્વારા જલારામ જયંતી નીમીતે ભવ્ય શોભાયાત્રા નીકળેલ આ દરમિયાન અમરેલી ડિસ્ટ્રીકટ ચેમ્બર ઓફ કોમર્સ તથા ઈન્દીરા શોપિંગ સેન્ટર દ્વારા જલારામ બાપાની શોભાયાત્રા દરમિયાન અમરેલી લોહાણા મહાજનના પ્રમુખ જીતુભાઈ સોમૈયાને ભવ્ય આયોજન બદલ બિરદાવીયા અને અમરેલી લોહાણા મહાજન વાડી લાઠી રોડ ખાતે પણ ટીમનાં સભ્યો હાજરી આપી આ દરમિયાન ઉપસ્થિત રહેલ. ચતુરભાઈ અકબરી પ્રમુખ ડિસ્ટ્રીકટ ચેમ્બર ઓફ કોમર્સ, ડો. ગજેરા, દિનેશભાઈ ભુવા, બાબુભાઈ કાબરીયા, જીલુભાઈ વાળા, મજબૂતસિંહ બસીયા, ગીરીશભાઈ ભટ્ટ, યોગેશભાઈ કોટેચા, યોગેશભાઈ ગણાત્રા, ગોપાલભાઈ રાજા, હરેશભાઈ રાજા, હરેશભાઈ ટાંક, સહિત અનેક વેપારીઓ ઉપસ્થિત રહેલ એમ હરેશભાઈ ટાંકની યાદીમાં જણાય છે.

## જિલ્લામાં રાનીપશુઓની સમસ્યા વિકરાળ બની

# લીલીયાનાં લોકી ગામે ખેતીકામ કરી રહેલ મહિલા ઉપર દીપડાનો હુમલો

**વન વિભાગે દીપડાને પાંજરે પુરવા કવાયત શરૂ કરી**



લીલીયા, તા. ૨૧

અમરેલી જિલ્લામાં વન્ય પ્રાણીના હુમલાનાં બનાવો છાશવારે વધી રહ્યા છે. ત્યારે લીલીયા તાલુકાના લોકી ગામે ખેતી કામ કરી રહેલ એક મહિલા પર દીપડાએ હુમલો કરતા મહિલાને સારવાર અર્થે લીલીયાની સરકારી હોસ્પિટલ ખાતે ખસેડાઈ હતી. ત્યારે વન વિભાગ ધ્વારા દીપડાને પકડવા પાંજરા મુકવામાં આવ્યા હતા.

લીલીયા તાલુકાનાં લોકી ગામે છેલ્લા બે-ત્રણ માસથી દીપડાની રંજાડ હોય ત્યારે અવારનવાર સ્થાનિક રહીશો અને ખેડૂતો ધ્વારા દીપડાને પકડવા વન વિભાગને રજૂઆત કરી હતી. ત્યારે ગઈકાલે લીલીયાનાં લોકી ગામે ચંપાબેન લાલજીભાઈ કોરડીયા (ઉ.વ. ૬૫) વાડીમાં કપાસ વીણતા હતા અને દીપડાએ હુમલો કરતા મહિલાને ઈજા પહોંચી હતી. ત્યારે અન્ય ખેડૂતોએ હાંકલા પડકારા કરતા દીપડો નાસી ગયો હતો. ત્યારે ઈજાગ્રસ્ત મહિલાને સારવાર અર્થે લીલીયાની હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી. ત્યારે લીલીયા વન વિભાગ ધ્વારા દીપડાને પકડવા કાર્યવાહી હાથ ધરી હતી અને લોકી ગામે વન વિભાગ ધ્વારા દીપડાને પકડવા ત્રણ પાંજરા મુકયા હતા. તેમ ઈમરાન પઠાણની યાદીમાં જણાવેલ છે.













*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)